Digital Copy

કેનેડાથી પ્રસિદ્ધ થતું ગુજરાતી કમ્યુનિટી ન્યુઝપેપર

जननी जन्मभूमिश्च स्वर्गदपि गरियसी

# ગરવી ગુજરાત

Gujarati Weekly Community Newspaper

Vol. 1 | Issue 22 | 15 November 2025 | Sugnesh Patel | +1437-967-0062 | garvigujarat2025@gmail.com | CANADA |

# બ્રામ્પ્ટન સ્થિત ભારતીય સિનિયર પરિવારના સભ્યો દ્વારા દિવાળી સેલિબ્રેશન્સ કરવામાં આવ્યું



















**સંકલન: ડો. હસમુખ મેરજા**

બ્રામ્પ્ટન સ્થિત ભારતીય સિનિયર પરિવાર ના સભ્યો દ્વારા તારીખ 7 નવેમ્બર શુક્રવારના રોજ દિવાળી સેલિબ્રેશન્સ કરવામાં આવ્યું હતું. આ સેલિબ્રેશનમાં આશરે 250 થી વધારે સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં પાણીપુરી અને પાવભાજીના સ્ટાર્ટરથી બધાને નાસ્તો કરાવવામાં આવ્યો હતો.

કાર્યક્રમની શરૂઆત કરતા "જ્યોત સે જ્યોત જગા તે ચલો" ગાઈને દીપક પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અલગ અલગ સભ્યો દ્વારાકુલ 25 આઈટમની રજૂઆત કરવામાં આવી હતી.

હર્ષિદા દવે દ્વારા "ગણેશ દિયા ડાન્સ", ઓમ મારવાડી- નીલમ- ઉષા -પ્રભા -ચંદા અને સ્નેહ દ્વારા દિવાલી



ગીતનો ડાન્સ, સુનયના દ્વારા "સાંસો કી માલા" નો સોલો ડાન્સ કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમની વિશેષતા એ હતી કે પંજાબી મહિલાઓ દ્વારા ગુજરાતી ગરબા-લોક નૃત્ય કરવામાં આવ્યું હતું. જે માં સામેલ ઉમા-સુમન- લતા અને આશા એ બધાના દિલ જીતી લીધા હતા. ત્યાર પછી ડો. હસમુખ મેરજા અને દિલીપ પરીખ મારફતે જાદુના બે શો કરવામાં આવ્યા હતા. ડો. હસમુખ મેરજા એ "માઈન્ડ રીડિંગ" કરીને પ્રેક્ષકો દ્વારા ચિઠ્ઠી ઉપર લખેલ ગુપ્ર વિગત "નરેન્દ્ર મોદી અને મંદિર" શોધી કાઢીને સૌને આશ્ચર્ય ચકિત કરી દીધા હતા. જ્યારે શ્રી દિલીપ પરીખના શોમાં પ્રેક્ષકોની બે અંગૂઠી જાદુઈ બોક્સમાંથી બહાર કાઢીને સૌને પ્રભાવિત કરી દીધા હતા.

ત્યાર પછી પંજાબી ગીડા ઉષા - સુરજિત- ચંદા - સુનયના - મનજીત - મીરા - મમતા - લીના - શશી દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું અને સૌને સૌથી વધારે પ્રિય લાગે તેવો રાસ રેણુકા-અંજના - શિલ્પા - હર્ષિદા - ઇન્દિરા-રશ્મી - જયશ્રી - મંજુલા - પ્રતિમા - કામિની અને પુનિતાની ટીમ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોમાં ભારતમાતા મંદિરના સ્થાપક શ્રી જેક લાલ, બ્રામ્પ્ટન સિટીના કાઉન્સિલર પેટ ફોર્ટીની અને રોડ પાવર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ભારતથી પધારેલ મેજર જનરલ એસ.એસ. રાણા અને તેમના પત્ની શીલુબેન પણ ઉપસ્થિત રહ્યા હતા. આ તમામ મહાનુભાવોનું સંસ્થાના પ્રમુખ શ્રી પ્રફુલ ભાવસાર, ડો. ગુરુદત્ત વૈદ, ડો હસમુખ મેરજા અને સલવાન સાહેબના હસ્તે કરાયું હતું.

અનુસંધાન પાના નં. 6 પર

# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**15 નવેમ્બરથી આવતા શનિવાર સુધી**

**મેષ રાશિ અ, લ, ઈ** અન્યની સફળતાની પ્રશંસા કરીને, હકારાત્મક છબીનો આનંદ માણી શકો છો. કામકાજમાં પ્રગતિનો સમય છે. અધૂરાં કામ પૂર્ણ થશે. પરિવાર સાથે સમય આનંદદાયક રહેશે. નાણાંકીય બાબતોમાં ચતુરાઈથી લાભ થશે.

**વૃષભ રાશિ બ, વ, ઉ** આગળ વધવા માટે નવા અવસર મળશે. રોકાણમાં સાવચેતી રાખવા જેવી સ્થિતિ. સંબંધોમાં મીઠાશ વધશે. આરોગ્ય ધીમે ધીમે સુધરશે. આંખોની યોગ્ય અને યોગ્ય કાળજી લેવામાં સફળ થશો

**મિથુન રાશિ ક, છ, ઘ** યોજનાઓ સારી રીતે અમલમાં મૂકશો. પ્રોફેશનમાં નવા લોકો સાથે ઓળખાણથી ફાયદો થશે. મુસાફરી સંબંધિત કામ પૂરૂં થશે. પાર્ટનર સાથે સમજણ ભરેલો સમય. વિદેશમાં ધંધો કરવાથી આર્થિક લાભ મળી શકે.

**કર્ક રાશિ ડ, હ** ઘર-પરિવારમાં ખુશીના પળો વધશે. નોકરીમાં પ્રશંસા મળશે. ખર્ચ વધવાની શક્યતા છે – વિચારપૂર્વક ખર્ચ કરો. તમારી જાતને બીમારીનો અનુભવ કરી શકો છો. આરોગ્ય મામલે જાગૃત રહો.

**સિંહ રાશિ મ, ટ** તમે આત્મવિશ્વાસથી ખુબ આગળ વધશો. કેટલાક મહત્વના નિર્ણયો તમારા પક્ષમાં રહેશે. નાણાંકીય વ્યવહારોમાં સ્થિરતા મળશે. પ્રેમજીવન વધુ આનંદદાયક રહેશે. તમારે તમારા સંગઠન પ્રત્યે વિશેષ કાળજી લેવી પડશે

**કન્યા રાશિ પ, ઠ, ણ** તમારૂ મન એકાગ્ર રહેશે, કામકાજના વ્યવહારમાં ગતિ આવશે. પિતૃપક્ષ અથવા વડીલો સાથે વાતચીતમાં ઉષ્મા તથા પ્રેમભાવ વધશે. પૈસા વ્યવહારના મામલામાં સતર્ક રહેશો તો સારું.

**તુલા રાશિ ર, ત** આર્થિક બાબતોમાં સુધારો થાય. કામના ક્ષેત્રમાં નવો પ્રોજેક્ટ મળવાની શક્યતા વર્તાઇ રહી છે. તમારા પરિવારના સભ્યો સાથે સુમેળ રહે. તમને નવા વિચારો જીવનમાં ફેરફાર લાવશે.

**વૃશ્ચિક રાશિ ન, ય** આ સપ્તાહ તમારા વ્યક્તિગત વિકાસ માટે ઉત્તમ સમય છે. તમારા અટકેલાં કામો વિના સંકોચે આગળ વધશે. કાર્યક્ષમતાને કારણે નોકરીમાં તમારી જવાબદારીઓ વધશે. આરોગ્ય સામાન્ય રહેશે.

**ધન રાશિ ભ, ધ, ફ, ઢ** આ સપ્તાહમાં તમને મુસાફરીની શક્યતા વધી છે. તમારી અભ્યાસ અને કારકિર્દી બંનેમાં પ્રગતિ થાય. કોઇપણ જગ્યાએ પૈસા રોકવામાં સાવધાની રાખવી જરૂરી છે. તમારા પ્રેમસંબંધો ખુશાલીભર્યા.

**મકર રાશિ ખ, જ** તમને વ્યવસાયમાં મોટો લાભ મળવાની શક્યતા વધી રહી છે. તમારા પરિવાર સાથે મતભેદ ન થાય તેનું વધારે ધ્યાન રાખો. એકંદરે તમારી આરોગ્ય સારું રહેશે. નિર્ણયો શાંત મનથી લેવાથી ફાયદો મળી રહે.

**કુંભ રાશિ ગ, સ, શ, ષ** તમે નવા લોકો સાથે શુભ પરિચય મેળવી શકો. નોકરી-વ્યવસાયમાં અપેક્ષિત પરિણામો મળવાની સંભાવના પ્રબળ. તમારા મનમાં ઉત્સાહનો વધારો થાય. નાણાકીય બાબતોમાં સ્થિરતા જળવાઇ રહે.

**મીન રાશિ દ, ચ, ઝ, થ** ઘણા સમયથી તમારા અટકેલા કાર્યો પાર પડશે. ભાવનાત્મક બાબતોમાં ધીરજ રાખવી જરૂરી છે. પૈસા-વહિવટ યોગ્ય રીતે કરશો તો તમને લાભ મળશે. પારિવારિક સુખ વધશે.

**શ્રી મહેશકુમાર શાસ્ત્રીજી, કેનેડા+1 647 881 9054**
**વાસ્તુપૂજા કથા વિગેરે માટે સંપર્ક કરો**

**તંત્રી લેખ**

# કેનેડાની પ્રથમ બરફવર્ષા સાથે શરૂ થયું નવું ઋતુગીત



પ્રિય વાચક મિત્રો,

પ્રકૃતિનું સૌંદર્ય ક્યારેક શબ્દો વિના પણ ઘણું કહી જાય છે...

આકાશમાંથી ધીમે ધીમે વરસતો સફેદ બરફ જાણે સ્વર્ગથી અવતરતો આશીર્વાદ લાગે છે. ધરતી પર છવાતી આ ધવલ ચાદર માત્ર ઠંડીનું પ્રતીક નથી, પરંતુ નવી શરૂઆત, નવી આશા અને નિર્મળતાનું પ્રતિબિંબ છે.

કેનેડાના દરેક શહેરમાં જ્યારે પ્રથમ બરફ વરસે છે ત્યારે આખું વાતાવરણ એક અનોખી શાંતિથી ભરાઈ જાય છે. વૃક્ષો પર ઝળહળતા બરફના કણો જાણે કુદરતના આભૂષણ બની જાય છે. રસ્તાઓ પર પડતો દરેક બરફનો ટૂકડો આપણને શીખવે છે કે – જીવનમાં સફેદ પાનાં જેવી નિર્મળતા જ સૌથી મોટી સૌંદર્ય છે.



આ શિયાળુ માત્ર ઠંડીનો સમય નથી, એ તો સંબંધો ગરમ રાખવાનો સમય છે.

એક કપ ગરમ ચા સાથે મિત્રતા જીવંત રાખવાનો સમય છે.

પરિવાર સાથેની હાસ્યસભર વાતોમાં દિલ ગરમાવવાનો સમય છે.

દૂર દેશમાં રહેતા આપણા દરેક ભારતીયો માટે આ ઋતુ વધુ વિશેષ છે.

કેમ કે જ્યાં બહાર બરફ છે ત્યાં હૃદયમાં છે પોતાના વતનની ઉષ્મા – ગુજરાતની, ભારતની અને આપણા સમાજની એકતાની.

આ આપણી સંસ્કૃતિ છે કે જ્યાં ઠંડીમાં પણ પ્રેમનો તાપ ક્યારેય ઓછો પડતો નથી.

ગરવી ગુજરાત ન્યુઝ પેપર કેનેડા પરિવારની તરફથી આપ સૌને હાર્દિક શુભેચ્છાઓ:


આ શિયાળાની શરૂઆત આપના જીવનમાં નવી શાંતિ, નવી સફળતા અને નવી તેજસ્વિતા લઈને આવે.

દરેક દિવસ બરફ જેવી શુદ્ધતા અને ચાંદની જેવી શાંતિથી ઉજળો બને, અને દરેક રાત પોતાના સપનાઓને હકીકત બનાવવાની પ્રેરણા આપે.

ચાલો, આ ધવલ ઋતુમાં આપણે સૌ મળીને માનવતાનું નવું પાનું લખીએ – જેમાં પ્રેમ, કરુણા, સહકાર અને એકતા જેવા શબ્દો જ મુખ્ય હેડલાઇન બને.

**સુજ્ઞેશ પટેલ** (તંત્રી શ્રી, ગરવી ગુજરાત ન્યુઝ પેપર) 4379670062

**કેનેડાથી પ્રસિદ્ધ થતું ગરવી ગુજરાત ન્યુઝ પેપર વાંચવા ક્યુઆર કોડ સ્કેન કરો**




**સંકલન શ્રી એસ કે પટેલ કેનેડા રિટાયર્ડ પ્રિન્સિપાલ**

**In life,as in chess, foresight wins.**

**Charles: Buxton calaction by Dr Prakashbhai Thakkar, Kalol , Gujrat**

વાચકોને આ અખબારમાં પ્રસિદ્ધ કોઇપણ જાહેરાતના સબંધમાં પૈસા મોકલવા, કોઇ પણ ખર્ચ ઉઠાવવા અથવા કોઇપણ વાયદા દાવા પર અમલ કરતા પહેલાં જરૂરી પુછપરછ કરવા અને યોગ્ય તપાસ કરવાની સલાહ આપવામાં આવે છે. ગરવી ગુજરાત જાહેરાતકર્તાઓના ઉત્પાદનો અને સેવાઓ માટે કરાયેલ દાવાની જવાબદારી લેતું નથી. જો જાહેરાત આપનાર આવા દાવાનું સન્માન નથી કરતા તો ગરવી ગુજરાતને કોઇપણ પરિણામ માટે જવાબદારી ગણી શકાશે નહીં.


Wish You Happy Diwali and New Year
I AM DIFFERENT !!
@realtorravipatel
Looking for the Right Real Estate Expert?
Ravi Patel
REALTOR
Let's Find Your Perfect Home
• Personalized Guidance for Buyers & Sellers
• More Than 5 Years of Experience
• Transparent Service
• Check reviews on Google & Insta and lets get started !!
Let's Get Started
+1(519)-991-7196
www.buywithravi.realtor
@realtorravipatel
RIGHT AT HOME
REALTY BROKERAGE

IATA

Best Voyage Pvt. Ltd.

CELEBRATING 25th ANNIVERSARY

SINCE 2000

scan me

Wish You Happy Diwali and New Year

# 1,40,000 કરતાં વધુ ફેમિલી ટૂર ના સફળ આયોજક

તમારા સપનાના ડેસ્ટિનેશનને વાસ્તવમાં સાકાર કરવાની તક લઈને આવી રહ્યું છે.
બેસ્ટ વોયેજ પ્રા. લિ તો ચાલો જલસા કરવા.... ગુજરાતી માહોલ માં ગુજરાતી ટૂર મેનેજર સાથે.

## ઓક્ટોબર

- સ્વિટ્ઝર્લેન્ડ અને પેરિસ – 09 રાત્રિ - 10 દિવસ – 22 ઓક્ટોબર
- આઈસલેન્ડ – 09 રાત્રિ - 10 દિવસ – 22 ઓક્ટોબર
- તુર્કી – 10 રાત્રિ - 11 દિવસ – 21 ઓક્ટોબર
- અમેરિકા – 12 રાત્રિ - 13 દિવસ – 22 ઓક્ટોબર
- સાઉથ આફ્રિકા – 11 રાત્રિ - 12 દિવસ – 20, 22, 23, 31 ઓક્ટોબર
- ન્યુઝીલેન્ડ – 12 રાત્રિ - 13 દિવસ – 19, 20, 22 ઓક્ટોબર
- ઓસ્ટ્રેલિયા – 12 રાત્રિ - 13 દિવસ – 19, 21, 22, 23 ઓક્ટોબર
- વિયેતનામ – 08 રાત્રિ - 09 દિવસ – 21,23,24 ઓક્ટોબર
- શ્રીલંકા – 07 રાત્રી - 08 દિવસ – 12, 22, 23 ઓક્ટોબર
- વિયેતનામ – 10 રાત્રિ - 11 દિવસ – 23 ઓક્ટોબર
- અઝરબૈજાન – 07 રાત્રી - 08 દિવસ – 20, 22, 23, 24, ઓક્ટોબર
- અઝરબૈજાન & જ્યોર્જિયા – 11 રાત્રિ - 12 દિવસ – 22 ઓક્ટોબર

## ડિસેમ્બર - 2025 થી માર્ચ - 2026

- ઓસ્ટ્રેલિયા – 11 રાત્રિ - 12 દિવસ – 07 ડિસેમ્બર, 20 જાન્યુઆરી, 06 ફેબ્રુઆરી, 16 ફેબ્રુઆરી
- ન્યુઝીલેન્ડ – 11 રાત્રિ - 12 દિવસ – 19 જાન્યુઆરી, 15 ફેબ્રુઆરી - 06 માર્ચ
- ન્યુઝીલેન્ડ & ઓસ્ટ્રેલિયા – 17 રાત્રિ 18 દિવસ – 21 જાન્યુઆરી, 17 ફેબ્રુઆરી
- સાઉથ આફ્રિકા – 10 રાત્રિ - 11 દિવસ – 12 ડિસેમ્બર - 18 જાન્યુઆરી, 12 ફેબ્રુઆરી - 22 માર્ચ
- આઈસલેન્ડ – 09 રાત્રિ - 10 દિવસ – 01 માર્ચ
- વિયેતનામ – 08 રાત્રિ - 09 દિવસ – 08 જાન્યુઆરી - 15 જાન્યુઆરી, 20 ફેબ્રુઆરી - 02 માર્ચ
- સ્કેન્ડીનેવ્યા – 12 રાત્રિ - 13 દિવસ – 15 માર્ચ

## હેડ ઓફિસ

એસએફ ૧-૨/૧૦૧-03, અનહિલ કોમ્પ્લેક્સ,સિટી સેન્ટર ની પાછળ, સ્વસ્તિક ક્રોસ રોડ,
સી.જી. રોડ અમદાવાદ–૩૮૦૦૦૯, ગુજરાત

**બ્રાંચ ઓફિસ** નિકોલ ( અમદાવાદ ) - આણંદ - મહેસાણા - સુરત - બરોડા - રાજકોટ
જામનગર - ગાંધીનગર - કલોલ

+91 99989 77746, +91 7574000353

www.bestvoyage.in

# કેનેડાના લેક, ધોધ અને દરિયા કિનારાઓ – સૌંદર્ય કે જોખમ?

# કુદરતની કોડમાં સુરક્ષાની ચેતવણી



કેનેડા – એક એવો દેશ જ્યાં કુદરતે સૌંદર્ય ખુલ્લા હાથે વહેંચ્યું છે.

અહીં હજારો લેક, ધોધ, નદીઓ અને દરિયા કિનારા છે જે વર્ષભર પ્રવાસીઓને આમંત્રિત કરે છે. Lake Louise, Niagara Falls, Moraine Lake, Whistler Lake, Banffના ધોધો અને Tofinoના બીચો – દરેક સ્થળ કુદરતના ચમત્કાર સમાન લાગે છે.

પરંતુ દુર્ભાગ્યની વાત એ છે કે આ જ સૌંદર્ય કેટલાય યુવાઓ માટે જીવનનો છેલ્લો દ્રશ્ય સાબિત થઈ રહ્યું છે.

તાજેતરના વર્ષોમાં વિદેશથી ભણવા કે કામ કરવા આવેલા અનેક યુવાનોના પાણીમાં પડવાના કે સેલ્ફી લેતા સમયના અકસ્માતો વધ્યા છે.

કેટલાક કિસ્સાઓમાં માત્ર એક "પરફેક્ટ વિડીયો ક્લિપ" કે "લાઈવ સેલ્ફી" જ તેમના માટે પ્રાણઘાતક સાબિત થઈ.

રિલ્સ અને સેલ્ફીનો જોખમી ક્રેઝ

આજની પેઢી માટે સોશિયલ મીડિયા પર પોતાની હાજરી બતાવવી એ માનસિક રીતે જરૂરી બની ગઈ છે.

દરેક પ્રવાસી સ્થળે "સેલ્ફી પોઈન્ટ" જેવા ખતરનાક ખૂણાઓ પર પણ યુવાઓ ઉત્સાહમાં પહોંચી જાય છે.

વિડીયોગ્રાફી માટે ધોધના કિનારે ઉભા રહેવું, બરફીલા લેક પર ચાલવું, કે દરિયાની લહેરોમાં કૂદકોડી કરવી — આ બધું માત્ર સેકન્ડોમાં જીવલેણ બની શકે છે.

કેનેડિયન વેધર એજન્સી અને રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસ (RCMP) અનુસાર, 2023 થી 2025 વચ્ચે 20 થી 30 વર્ષના યુવાઓના પાણી સંબંધિત અકસ્માતોમાં 30 ટકાનો વધારો નોંધાયો છે.

ખાસ કરીને Ontario, British Columbia અને Albertaમાં આ પ્રવૃત્તિ વધુ જોવા મળે છે.

કુદરતની અણધારી પરિસ્થિતિ

કેનેડામાં વાતાવરણ અતિશય બદલાય છે. સૂર્યપ્રકાશમાં ગરમ લાગતું પાણી થોડા જ મિનિટમાં બરફીલા તાપમાનમાં પરિવર્તિત થઈ જાય છે.

એવા સમયે કોઈ લેક અથવા ધોધમાં પડવું એટલે શરીર અર્ધા મિનિટમાં જ હાઈપોથર્મિયાનો ભોગ બનવું.

ઉપરથી ધોધની આસપાસના પથ્થરો હંમેશા ભીના અને સ્લીપરિ હોય છે — થોડી એક અસાવધાની પૂરતી છે સંતુલન ગુમાવવા માટે.

લેખકઃ સુગ્નેશ પટેલ, તંત્રી - ગરવી ગુજરાત ડિજિટલ ન્યુઝ પેપર - કેનેડા



પ્રવાસી યુવાઓ માટે મહત્વના પાઠ

વિદેશથી આવતાં ઘણા વિદ્યાર્થીઓને કેનેડાના વોટર સેફ્ટી નિયમો, રેસ્ક્યુ સિસ્ટમ અથવા હવામાનની તીવ્રતા વિશે પૂરતું જ્ઞાન નથી.

તેઓ મિત્રો સાથે પિકનિક પર જાય છે, રીલ્સ બનાવે છે, પરંતુ કોઈ પાસે ન તો લાઈફ જેકેટ, ન તો એમરજન્સી પ્લાન હોય છે.

આપણે સૌએ સમજવું જોઈએ કે કેનેડાના લેક અને નદીઓ ગામડાના તળાવ કે સ્વિમિંગ પૂલ જેવી નથી — તેનાં તાપમાન અને પ્રવાહ બંને અણધારા હોય છે.

જોખમની વાસ્તવિક કિસ્સાઓ

2024 માં Lake Ontario કિનારે બે ભારતીય યુવકો વિડીયો લેતા લહેરોમાં ખેંચાઈ ગયા હતા. રેસ્ક્યુ ટીમે શોધી કાઢવા માટે 24 કલાકથી વધુ સમય લીધો.

Alberta ના Moraine Lake પર બરફીલા ફોટા લેવા ગયેલી યુવતીનો પગ સરકવાથી પગથિયું તૂટી પડ્યો અને તે ગંભીર રીતે ઘાયલ થઈ.

Niagara Falls પર "એક્સ્ટ્રીમ પોઝ સેલ્ફી" લેતા યુવાનોને પ્રતિબંધિત ઝોનમાં પ્રવેશ બદલ દંડ ફટકારાયો હતો.

આ કિસ્સાઓ ફક્ત સમાચાર નથી — એ ચેતવણી છે કે એક ક્ષણનો ઉત્સાહ આખી જિંદગી પર ભારે પડી શકે છે.

સાવચેતીના અગત્યના પગલા

દરિયા કે લેક પાસે જઈએ ત્યારે હંમેશા નિયમો વાંચો. "Restricted Area" અથવા "Do Not Cross" લખેલું હોય તો દૂર રહો.

લાઈફ જેકેટ વગર પાણીમાં ઉતરશો નહીં.

એકલા ક્યારેય ન જવું – હંમેશા મિત્ર કે ગ્રૂપ સાથે રહો.

ફોટો કે વિડીયો લેવા પાછળનો ઉત્સાહ નિયંત્રિત કરો. જીવ સુરક્ષિત હોય તો ફોટા ફરી લઈ શકાય, જીવ નહીં.

હવામાન ચેક કરો. બરફ વરસાદ અથવા ઠંડા પવન વચ્ચે પાણીની નજીક જવું ખતરનાક છે.

પાણીના ધોધો કે લેક નજીક બાળકોને નજરથી દૂર ન કરો.

અકસ્માત થાય તો તરત 911 અથવા સ્થાનિક રેસ્ક્યુ સેવા ને કૉલ કરો.

કુદરતનો આનંદ – સમજદારી સાથે

કેનેડા આપણને કુદરત સાથે જીવવાની તક આપે છે, પરંતુ કુદરત સાથે રમવાની ઈજાજત નથી આપતી.

ફોટોગ્રાફી કરો, વિડીયો બનાવો, પરંતુ "Safety First" નો ધ્યેય ક્યારેય ભૂલશો નહીં.

યુવાનોમાં જાગૃતિ લાવવી એ દરેક વડીલો, મિત્ર અને સમુદાયની ફરજ છે.

યાદ રાખો –

"સૌંદર્ય તો રોજ જોઈ શકાય, પણ જાન એકવાર જાય પછી ક્યારેય પાછી આવતી નથી."

અંતિમ વિચાર

દર વર્ષે કેટલાય ભારતીય વિદ્યાર્થીઓ કે યુવાઓ "સાવચેતીના અભાવ" ને કારણે કુદરતની ભેટ બની જાય છે.

આથી, ગરવી ગુજરાત પરિવાર તરફથી સૌ યુવા તરવરીયાઓને એક વિનંતી:

પ્રકૃતિને પ્રેમ કરો, પરંતુ એની હદોનો આદર કરો.

સૌંદર્ય માણો – સુરક્ષિત રીતે, જાગૃત રીતે અને જીવંત રહીને.



પહેલા પાનાનું અનુસંધાન.....

ત્યાર પછી ઉષા અને પ્રભાની જોડી એ “ઉડે જબ જબ ઝૂલફે તેરી”ની ધૂન ઉપર નૃત્ય રજૂ કર્યું હતું. દિલીપભાઈ શર્માં અને . ડો. હસમુખ મેરજા દ્વારા “ હાથી અને ગદ્ધાને ફ્રીઝમાં બંધ કરવાની“ ક્યુરીયસ કીટ અને શશી કોહલી દ્વારા “કૌન કહેતા હૈ મેં બુઢ્ઢા હું, મૈં બુઢ્ઢા નહિ હું“ રજૂ કરીને સૌને ખડખડાટ હસાવ્યા હતા. ડો ગુરુદત્ત અને સંતોષ દ્વારા ગીત “ઈશારો ઈશારો મેં“ રજુ કરવા માં આવ્યું હતું.

વ્યક્તિગત રજૂઆતોમાં શ્રી કમલેશ શાસ્ત્રીએ “મધુવન મે રાધિકા નાચે રે“, લીના ચેટર્જી દ્વારા “દો આને કા શૂરમાં“ ની સ્કીટ, શ્રી દિલીપ શર્માં દ્વારા “મેં પલ દો પલ કા શાયર હું“, ભગુભાઈ લાડ દ્વારા “મીઠે રસ -સે ભરોઈ રાધા -રાની લાગે“ ગાયું હતું. પ્રદીપ પટેલે “કિસીકી મુસ્કરાહતો પે હો નિસાર“ ના લય ઉપર એક ડાન્સ કર્યો હતો. અરવિંદ પટેલે “એક દિન બીક જાયેગા માટી કે મોલ“ ગીત ગાયું હતું. શાંતિભાઈ ખેતીયા એ “બડી દૂર નગરી“ ભજન ગાયું હતું. મમતા અને પ્રભા દ્વારા “હમ તુમ્હે ચાહતે હૈ ઐસે“ ગીત ગાવામાં આવ્યું હતું. સુખદેવ રતને ગઝલ “મૈં તેરા શબાબ લે બૈઠા“ રજુ કરીને સૌને મુગ્ધ કરી દીધા હતા. પ્રોગ્રામના અંતમાં દેવીના પટેલ ના રાધા કૃષ્ણના ભજનો ઉપર બહેનોએ સમૂહ માં રાસ કર્યો હતો.


અંતમાં બધા સભ્યોને પરિવાર તરફથી ગિફ્ટ પેકેટ ભેટ આપવામાં આવ્યા હતા.

રાફેલ ડ્રો દ્વારા પાંચ વિજેતાઓને સ્પેશ્યલ ગિફ્ટ આઈટમોનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે મલબારી પરોઠા સ્વાદિષ્ટ સબ્જી અને ક્રીમ ફ્રુટસલાડનું જમણવાર કરીને સર્વે વિખેરાયા હતા.


# ગરવી ગુજરાત

I ❤ Gujarat

Gujarati Weekly Community Newspaper


Digital Copy
કેનેડાથી પ્રસિદ્ધ થતું ગુજરાતી કમ્યુનિટી ન્યુઝપેપર
શુભ દિવાળી તથા નૂતન વર્ષાભિનંદન
जननी जन्मभूमिश्च स्वर्गादपि गरियसी
ગરવી ગુજરાત
Gujarati Weekly Community Newspaper
Vol. 1 | Issue 20 | 25 October 2025 | Sugnesh Patel | +1437-967-0062 | garvigujrat2025@gmail. com | CANADA |
1926
પૂજનીય પાંડુરંગશાસ્ત્રી આઠવલે પ્રણીત
શ્રીમદ્ભગવદ્ગીતા પાઠશાળાના શતાબ્દી પર્વ પર
સ્વાધ્યાય પરિવારના કોટિ કોટિ વંદન

## કેનેડામાં થતા કોઈપણ સાંસ્કૃતિક કે ધાર્મિક પ્રોગ્રામના સમાચાર તથા પોતાના ધંધાકીય વિકાસની એડવર્ટાઈઝ માટે સંપર્ક કરો

## ગરવી ગુજરાત ડિજિટલ ન્યુઝ પેપર તરફથી પ્રિય વાચકો આદરણીય લેખકગણ અને હંમેશા સહાયક થતા સ્પોન્સર્સ મિત્રોને નવા વર્ષની ખુબ ખુબ શુભેચ્છાઓ.

દર અઠવાડિયે નવો અંક સૌપ્રથમ મેળવવા ગરવી ગુજરાત ન્યુઝ પેપરના whatsapp ગ્રુપની લીંકને ફોલો કરી લેશો જેથી આપની પાસે સૌપ્રથમ ગરવી ગુજરાત ન્યુઝ પેપર મળી જાય

https://chat.whatsapp.com/LIxJSbBTrQRFEC7xqF0OXs?mode=ac_t

## સુજ્ઞેશ પટેલ

(તંત્રી શ્રી, ગરવી ગુજરાત ન્યુઝ પેપર) 4379670062

## Whats app No.: +14373130062

# 35+ years of Experience in Insurance Industry

★★★★★

Secure Your Tomorrow by Choosing Smart Insurance Options with Rajendra



RAJENDRA PARMAR
FINANCIAL ASSOCIATE

## Key Offerings

- Life Insurance
- Super Visa Insurance
- Visitor Visa Insurance
- Critical illness Insurance
- Disability Insurance
- Dental & Health Insurance
- Group Insurance
- Registered Education Savings Plan (RESP)
- Registered Retirement Savings Plan (RRSP)
- Segregated Funds & Investment
- Wills & Retirement Planning
- Financial Literacy for Companies
- Mortgages & Budget Planning

FREE INSURANCE QUOTE

RAJENDRA PARMAR

Phone Number:
CANADA : 226-552-9547
INDIA OFFICE :+919879579547
Email :
rajugeeta67@gmail.com

** અમે ગુજરાતી બોલીએ છીએ **

# IRCCની નવીનતમ ઈમિગ્રેશન લેવલ પ્લાન કેનેડામાં ઉમેદવારોને કેવી રીતે ફાયદો પહોંચાડે છે

આ વર્ષની જાહેરાતમાં "ઇન-કેનેડા ફોકસ" પ્રવેશ શ્રેણીનો અભાવ હોવા છતાં, કેનેડામાં કાયમી નિવાસ (PR) માટેના ઉમેદવારો હજુ પણ ઇમિગ્રેશન, શરણાર્થીઓ અને નાગરિકતા કેનેડા (IRCC) ની નવીનતમ ઇમિગ્રેશન લેવલ યોજનામાં કેન્દ્રિય છે.

તાજેતરના મીડિયા બ્રીફિંગમાં, ઇમિગ્રેશન મંત્રી લેના ડાયબે પુષ્ટિ આપી હતી કે IRCC "કેનેડામાં પહેલાથી રહેતા અને સ્થાયી થયેલા કામચલાઉ રહેવાસીઓને કાયમી નિવાસ માટે પ્રાથમિકતા આપશે", જે નીતિ મંત્રીએ નોંધ્યું હતું કે દેશમાં નવા આગમનની સંખ્યામાં ઘટાડો થશે.

ઉચ્ચ એક્સપ્રેસ એન્ટ્રી ફાળવણી જાળવી રાખવામાં આવી

છેલ્લા વર્ષમાં, ફેડરલ ઉચ્ચ-કુશળ પ્રવેશ લક્ષ્યો (જે એક્સપ્રેસ એન્ટ્રી પ્રવેશને આવરી લે છે) ફક્ત થોડો ઘટાડો થયો છે, 2025 માં 124,680 થી 2026 માં 109,000.

આ લક્ષ્યો 2027 અને 2028 માં ફરીથી વધવાના છે, જ્યાં તેઓ દર વર્ષે 111,000 પ્રવેશ પર સ્થિર થવાના છે.

જ્યારે IRCC એ આ ફાળવણી કેવી રીતે વિભાજીત કરશે તે જણાવ્યું નથી, એક્સપ્રેસ એન્ટ્રી સિસ્ટમ કેનેડામાં રહેતા લોકો માટે PR માં સંક્રમણ માટે સૌથી લોકપ્રિય માર્ગોમાંથી એક છે - અને તે સ્પષ્ટ છે કે સરકારે તેના ફેડરલ આર્થિક ઇમિગ્રેશન માર્ગો દ્વારા મજબૂત પ્રવેશ જાળવી રાખવાનો પ્રયાસ કર્યો છે. નવીનતમ યોજના 2026 PR પ્રવેશમાંથી 64 ટકા આર્થિક ઇમિગ્રેશનમાં ફાળવે છે.

લાયક કામચલાઉ રહેવાસીઓને PR માં સંક્રમિત કરવાના ઇમિગ્રેશન વિભાગના ઉદ્દેશ્યને ધ્યાનમાં રાખીને, ઉચ્ચ એક્સપ્રેસ એન્ટ્રી પ્રવેશ લક્ષ્યો જાળવવાથી ખાસ કરીને કેનેડિયન એક્સપિરિયન્સ ક્લાસ (CEC) પ્રોગ્રામમાં ઉમેદવારોને ફાયદો થઈ શકે છે.



કેનેડામાં આ ઉમેદવારોમાંથી મોટાભાગના લોકો માત્ર કેનેડામાં જ નથી, પરંતુ સંશોધન સૂચવે છે કે તેઓ કેનેડાના શ્રમ બજારમાં સૌથી સફળ ઇમિગ્રન્ટ જૂથોમાંના એક છે, જે અગાઉના કેનેડિયન કાર્ય અનુભવથી ઘણો ફાયદો મેળવી રહ્યા છે, જે CEC પ્રોગ્રામ હેઠળ પાત્ર બનવા માટે પૂર્વશરત છે.

**ANB IMMIGRATION SERVICES**,
TORONTO - CANADA
info@anbimmigration.com




| | Permanent residence | Temporary residents |
|---|---|---|
| 2026 | 380,000 | 230,000 |
| 2027 | 380,000 | 370,000 |
| 2028 | 380,000 | 370,000 |




"Honest Deals. Real Results."
Your Trusted Partner
in Every Property (Residentials / Commercials) Journey
Jignesh Patel
REAL ESTATE BROKER
Stop Renting. Start Owning.
Your Dream Home Awaits!
• Personalized Guidance for Buyer & Sellers
• More Than 5+ Years of Experience
• Transparent Service
• Check Reviews on Google & Instagram and Lets get Started!!
Let's Get Started
647-381-1492
realtor@jignesh.ca
5010 Steeles Ave. W., Suite 11A
Toronto ON M9V 5C6
Office: 416-747-97777
Fax: 416-747-7135
realtor@jignesh.ca
HOMELIFE
HIGHER STANDARDS
HomeLife/Miracle Realty Ltd., Brokerage
Each Office Independently Owned & Operated

# વડતાલધામ શ્રી સ્વામિનારાયણ મંદિર ટોરોન્ટો ખાતે તુલસી વિવાહનો ભવ્ય ઉત્સવ આનંદોત્સાહથી ઉજવાયો







વડતાલલક્ષ્મીનારાયણ ગાદીના વડતાલધામ શ્રી સ્વામિનારાયણ મંદિર, ટોરોન્ટો દ્વારા તાજેતરમાં તુલસી વિવાહનો પાવન પ્રસંગ ખૂબ આનંદ અને ઉલ્લાસ સાથે ઉજવવામાં આવ્યો હતો.

મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયના વડતાલ લક્ષ્મીનારાયણ ગાદી પિઠાધિપતિ *શ્રી 1008 અજેન્દ્ર પ્રસાદજી મહારાજ તથા ભાવિ આચાર્ય 108 શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ*ના આજ્ઞાત્મક આશીર્વાદથી યોજાયેલ આ ભવ્ય કાર્યક્રમમાં સેંકડો હરિભક્તોએ હાજરી આપી દિવ્યતાનો અનુભવ કર્યો હતો.

દેવપ્રબોધીની એકાદશી બાદ દર વર્ષે વડતાલધામ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા વૃંદાજી અને ભગવાન શાલિગ્રામજીના ભવ્યાતિભવ્ય લગ્નોત્સવનું આયોજન કરવામાં આવે છે.

આ વર્ષે તુલસી વિવાહની શરૂઆત *શનિવાર, તા. 8 નવેમ્બરના રોજ મહેંદી રસમ અને લગ્નપત્રિકા લેખન એને રાસ ગરબા સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ **રવિવાર તા. 9 નવેમ્બર*ના રોજ 2400 finch avenue west ખાતે મુખ્ય વિવાહોત્સવ ઉજવાયો હતો. વહેલી સવારથી જ વૈદિક હિંદુ સનાતન લગ્નવિધિ અનુસાર તમામ ધાર્મિક વિધિઓનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.





પ્રારંભે ગણેશસ્થાપન અને મંડપ મુહૂર્ત બાદ ઉપસ્થિત બહેનોએ શામળીયા ઠાકોર અને તુલસીજીના લગ્ન પ્રસંગે હર્ષભેર લગ્નગીતો અને ફટાણાનું ગાન કર્યું. ગ્રહશાંતિ તથા બપોરના ભોજન બાદ ભગવાન અને તુલસીજીનું મામેરું વાજતે ગાજતે મંદિર પરિસરમાં પધાર્યું, જેમાં મોટી સંખ્યા માં ભક્તોએ મામા બનવાનો લહાવો લીધો હતો. મામેરામાં સોના–ચાંદીના દાગીના, વસ્ત્રો તથા રોકડ રકમની પહેરામણી કરવામાં આવી હતી.

બપોર પછી ભગવાન શાલિગ્રામજીની વિશાળ વરયાત્રા ઢોલના તાલે ઝૂમી નાચતા ભક્તજનોની હાજરીમાં ધામધૂમથી યોજાઈ. વર પક્ષ ના યજમાન *ખ્યાતિબેન અને કુલદીપભાઈ કાકડિયા* દ્વારા ભગવાનને સુંદર વસ્ત્ર-આભુષણોથી અલંકૃત કરીને લગ્નમંડપમાં પધરાવાયા, જ્યારે વૃંદા માતા ના યજમાન *હાર્દિકભાઈ પટેલ* દ્વારા જાનૈયાઓનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું. વૈદિક મંત્રોચ્ચાર સાથે તુલસીજી અને શાલિગ્રામજીનો વિવાહ વિધિપૂર્વક સંપન્ન થયો. આ પ્રસંગે *બ્રેમ્પટન વેસ્ટના સાંસદ શ્રી અમરજીત ગિલ* તથા શ્રી ભાવેશ ભટ્ટ વિશેષ હાજરી આપી હાર્દિક શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

કાર્યક્રમના અંતે વડતાલધામ શ્રી સ્વામિનારાયણ મંદિરના પ્રમુખ શ્રી ધવલભાઈ સોની*એ મહોત્સવને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવનાર તમામ સ્વયંસેવકો, યજમાનો તથા ભક્તોનો હાર્દિક આભાર માન્યો. અંતે મંદિરના સ્વયંસેવકો દ્વારા તૈયાર કરવામાં આવેલ સુંદર ભોજન પ્રસાદનો સૌએ લાભ લીધો અને હર્ષોલ્લાસભેર જાન વિદાય કરવામાં આવી હતી.

# શ્રીમદ્ ભાગવતની કથા કરનાર મહાન સંત શ્રી ડોંગરેજી મહારાજ

રૂપયા લીધા વગર કથા કરનાર કથાકાર કેટલા? આજકાલ જોઇએ તો દરરોજ એક નવા કથાકારનું નામ સાંભળવા મળે છે. અને કથા સાંભળનારનો પણ એક જુવાળ આવ્યો હોય એવું લાગે છે. ભગવાનની કથા સાંભળવી અને નામ સ્મરણ કરવું એ સારી બાબત છે. પણ જ્યારે કથાના નામે વેપલો મંડાય અને ભોળા ભક્તોનું શોષણ કરાય ત્યારે કથાનો હાર્દ મરી પરવારે છે.

આપણા મહાન ગ્રંથો ભાગવત, રામાયણ, શિવપુરાણ વગેરેનું અધ્યયન કરતાં આખી જિંદગી ખર્ચી નાખીએ ત્યારે તે સમજાય છે. આજે કથાકારોની વાત કરીએ તો કથાકારોમાં શિરમોર એવા પૂ. ડોંગરેજી મહારાજની પૂણ્યતિથિ હમણાં જ ગઇ. ઇ.સ.1990ની કારતક વદ છઠ્ઠના રોજ તેમણે દેહ છોડ્યો હતો. આજથી 35 વર્ષ પહેલાં એક એવા કથાકાર હતા કે તેમની કથા સાંભળતાં રોમાંચ થતો હતો અને તેમની વાણી દિલને સ્પર્શતી હતી. કથાકાર એ કોઇ માત્ર વક્તા નથી. પરંતુ તે ભગવાનના સંદેશાવાહક છે. ડોંગરેજી



લેખક - નિર્મળાબેન દરજી
રિટાયર્ડ શિક્ષિકા, કેનેડા

મહારાજ કહેતા કે કથાકાર તે છે જે ઘવાનને જોઇ ચૂક્યો છે. અને હવે ઇચ્છે છે કે બીજા લોકો પણ એ આનંદનો અનુભવ કરે.

પૂ. ડોંગરેજી મહારાજ આખા ચરિત્ર પર નજર કરીએ તો ભાગવતજીમાં આપેલા કથાકારના ગુણો સાથે મેચ થાય છે. ડોંગરેજી મહારાજે ક્યારેય કથા માટે દક્ષિણા લીધી નથી. તેમના જીવન દરમિયાન 1100 જેટલી કથાઓ તેમણે કરી. પરંતુ તેમણે ક્યારેય કથા નિમિત્તે પાઇ પૈસો લીધો નહીં. હંમેશા સત્કાર્યો માટે જ કથાઓ કરી.

તેમના જીવનનો પ્રસંગ ખૂબ જાણીતો છે. કે તેમનાં પત્નીનું અવસાન થયું તો પત્નીની ઉત્તરક્રિયા કરવા માટે તેમની પાસે રૂપિયા ન હતા. ત્યારે પત્નીના કર્ણફુલ આપીને તેમણે આ ફરજ પુરી કરી હતી. આ સમયે તેમની સાથે રહેલા ભક્તોની આંખો ભીંજાઇ ગઇ હતી કે આ કેવી વિભૂતિ છે. કે સદ્કાર્યો માટે કરોડો રૂપિયા ભેગા કરનાર પાસે પત્નીની ઉત્તરક્રિયા કરવા જેટલા પણ પૈસા નથી.

ડોંગરેજી મહારાજ અકિંચન જેવું જ જીવન જીવ્યા. પહેરવેશમાં માત્ર બે ધોતી જ એક નીચે અને બીજી ઉપર. જમવામાં સ્વયંપાકી તા એટલે પોતાનું ભોજન પોતે જ બનાવી જમતા. ક્યારેય કોઇને પત્ર લખ્યો નહિં કે કોઇનો પત્ર વાંચતા નહિં. અખબાર, રેડિયો કે ટીવી એમણે જોયા નહીં માત્ર કલ્યાણના અંકો વાંચતા.

પૂ. ડોંગરેજી મહારાજ કથામાં કહેતા કે તમે કોઇનું અપમાન કરશો તો તમારૂ અપમાન થશે. મન પાણી જેવું છે. પાણી નીચાણ તરફ જ વહેવાનું પસંદ કરે છે. તેમ મનને પણ સંસારના વિષયોમાં લોભાઇને પતનને માર્ગે જવાનું ગમે છે. મનની આ બૂરી આદત નાબૂદ કરી શકશો અને એને ચઢવાના સ્વભાવવાળું બનાવી શકાશે તો જ જીવનમાં શાંતિ અને સંતોષ આવશે. તેના માટે સતત પ્રભુનું નામ સ્મરણ કરો. તેઓ કહેતા કે સંપત્તિ આવે ત્યારે ખૂબ સાવધ રહેજો. વિવેક અને વિશ્વના નાથને વિસરી ન જવાય તેની કાળજી રાખજો નહીં તો સંપત્તિ વિપત્તિ બની જશે. તેઓ કહેતા કે જેનું મન શુદ્ધ છે તેણે યાત્રા કરવાની જરૂર રહેતી નથી. એક જગ્યાએ બેસીને સેવા - સ્મરણમાં જે આનંદ મળે છે તે આનંદ તિર્થયાત્રામાં જવાથી મળતો નથી. આવા અવિસ્મરણીય સંતની વાણી સાંભળી આપણે કૃતાર્થ થઇએ.

# Wide Range of Mortgage Options Available

• Residential • Commercial • Business Loan

- New To Canada
- High Networth
- Business For Self
- Medical Professionals
- First Time Home Buyers
- Airbnb Properties
- Self Employed
- Student Rental
- 1st & 2nd Mortgage
- Debt Consolidation
- Spousal Buyout
- Short Term Rental
- Mortgages for Clients with Bruised Credit, Previous Bankruptcies, or Consumer Proposals

Scan my Business Card

Download My Free Mortgage App



Dhavalkumar Patel
Mortgage Agent Level 2

Let's talk! Your FREE consultation awaits.

**Call Today: 647-893-1311**

@yourmortgagepoint

MORTGAGE ARCHITECTS
#12728
5675 Whittle Rd, Mississauga, ON, L4Z 3P8

🙏 Please Don't drink and drive – your loved ones are waiting for you. 🙏



# MURTI'S KITCHEN

Sweets | Farsan | Snacks

- Dal-Bati
- Dakor na Gota
- Pavbhaji
- Vadapav
- Dabeli
- Papdi no lot
- Lilva Kachori

- Ladu(Gud/Sugar)
- Mohanthhal
- Magas
- Mysore Pak
- Penda
- Kopra pak

- Fulwadi
- Khaman(Vatidal )
- Khaman(Nylon )
- Sev Khamani
- Fafda
- Chole Bhature
- Patties

**Winter Special**

***METHI-PAK, ADADIYA-PAK, Khajur Pak (roll)***

And Many more.

Swaminarayan & Farar food Available


We do Catering

ફેરા ની ટેરડી
Murti's Kitchen

CALL US FOR MORE DETAILS
647-389-7549

Family Events
Birthday Event
Office Event
Wedding

# ચક્રસંહિતા
## શરીર, મન અને આત્માના સંતુલનની જડીબુટ્ટી




લેખક :- ડૉ.જિતેન્દ્ર પટવારી
લેખાંક - 1
WhatsApp: +91 7984581614. jitpatwari@rediffmail.com
youtube.com/@DrJitendraPatwari_BennittoLife



ઑરા - આભામંડળનું રહસ્ય

નમસ્કાર, મિત્રો.

‹આજથી આપણો દીર્ઘ સંબંધ સ્થાપિત થઈ રહ્યો છે. ‘ચક્રસંહિતા› ગ્રંથનાં કુલ ૨૧ પ્રકરણમાં નીચે મુજબના વિષયોની છણાવટ થઈ છે. તે તમામ મુદ્દા ક્રમશઃ આવરી લઈશું.

૧) ઑરા, કુંડલિની, નાડી, ચક્રો વગેરે પારિભાષિક શબ્દોની સમજણ

૨) ૭ મુખ્ય ચક્રો,જેમાં સમગ્ર જીવન સમાયેલું છે, તેની વિગતવાર ચર્ચા. તેમનાં વૈકલ્પિક નામ, શરીરમાં સ્થાન, રંગ, તત્ત્વ, બીજમંત્ર, પૃથ્વીનાં ચક્રો, દરેક ચક્રનું મહત્ત્વ, સંબંધિત શારીરિક અંગો અને અંતઃસ્ત્રાવી ગ્રંથિઓ, ખુદનાં ચક્રની સ્થિતિ સમજવા માટે સ્વપરિક્ષણ પ્રશ્નોત્તરી, ચક્ર અસંતુલનનાં લક્ષણો, તેની શારીરિક, માનસિક, સામાજિક અસર

3) ચક્રસંતુલનના ઉપાયો જેવાં કે, કલર થૅરાપી, આહાર, યોગાસન, હસ્તમુદ્રા, સાઉન્ડ થૅરાપી (શાસ્ત્રીય રાગ, બાઇનૉરલ બિટ્સ, સૉલ્ફેજીયો ફ્રિક્વન્સી, તિબેટી સિંગિંગ બાઉલ્સ, સબ્લિમિનલ રેકૉર્ડિંગ), અરૉમા થૅરાપી, ક્રિસ્ટલ થૅરાપી, ઍફર્મેશન્સ, વિઝ્યુઅલાઇઝેશન, તત્ત્વ આધારિત ઉપાયો, દરેક ચક્ર વિષયક અલગ ધ્યાન, ચક્ર સાથે સંકળાયેલ લાગણીઓ, દુઃખદ લાગણીઓ દૂર કરવાના ઉપાયો તેમ જ પ્રતિદિન ચક્રદીઠ ફક્ત 1 મિનિટ ફાળવીને ચક્ર સંતુલિત કરવાના ઉપાય

૪) વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી શબ્દો અને વિચારોની શરીર અને મન પર અસર.

હવે શ્રીગણેશ કરીએ ‹ઑરા› વિશે સમજણ દ્વારા.

ઑરા - આભામંડળનું રહસ્ય

શરીરની બહાર શરીર

સોશિયલ મીડિયાનો જમાનો છે, તસવીરો અને સેલ્ફીનો યુગ છે. વજનદાર, મોટા-મોટા કેમેરાનો જમાનો લુપ્ત થવાના આરે છે, એક-એકથી ચડિયાતા કૅમેરા મૉબાઇલમાં જ ઉપલબ્ધ છે. એક્સરે મશીન દ્વારા શરીરની અંદરનાં શરીરની ફોટોગ્રાફી પણ શક્ય છે.

શરીરની બહારનાં શરીરની તસવીર લેવી હોય તો? જન્મથી મૃત્યુ સુધી હંમેશાં શરીરની આસપાસ, સાથે જ રહે, જેનો પ્રભાવ સમગ્ર જીવન પર રહે અને છતાં સામાન્ય રીતે અદૃશ્ય રહે તેવા તત્ત્વની તસવીર ખેંચવી હોય તો? ‘કિર્લિયન ફોટોગ્રાફી› દ્વારા તે સંભવ છે. આ એવો કૅમેરા છે જે વ્યક્તિનાં કે વસ્તુનાં આભામંડળની તસવીર પણ લઈ શકે. આભામંડળ એટલે કે ઑરા (Aura) એવી કોઈ વસ્તુ છે જેના પર સમગ્ર જિંદગી, જી હા, સમગ્ર જિંદગી આધારિત છે. તેની તસવીર વ્યક્તિએ છુપાવી રાખેલી વાતો તો જાહેર કરી દે, પરંતુ સાથે-સાથે એવી આંતરિક વાતો બહાર લાવી દે કે જે વિશે જે-તે મનુષ્ય ખુદ પણ અજાણ હોય.

ઑરા શબ્દથી ઘણાં લોકો અપરિચિત હોઈ શકે, કારણ કે અધ્યાત્મ સાથે જોડાયેલ શબ્દ છે. સમાજમાં પ્રચલિત સામાન્ય માન્યતા એ છે કે અધ્યાત્મ અને વિજ્ઞાનને સ્નાન-સૂતકનો સંબંધ નથી, અથવા અધ્યાત્મ તે બૌદ્ધિક સ્તરથી નીચેની વાત છે. સાચું એ છે કે અધ્યાત્મ ત્યાંથી તો શરૂ થાય જ્યાં બુદ્ધિના સીમાડા પૂરા થાય.

પ્રાચીન ઋષિ-મુનિઓ અત્યંત ઉચ્ચ કક્ષાના વૈજ્ઞાનિકો હતા. એમની પાસે જે જ્ઞાન હતું, ત્યાં સુધી પહોંચવા માટે અર્વાચીન વિજ્ઞાન હજી તો પ્રયત્નો કરી રહ્યું છે. મોટાભાગના ખ્યાતનામ વૈજ્ઞાનિકો (મનોવૈજ્ઞાનિકો પણ) આધ્યાત્મિક જ રહ્યા છે, ડૉ.આલબર્ટ આઇન્સ્ટાઇન હોય કે ‹Analytical Psychology›ના જન્મદાતા મહાન વિભૂતિ ડૉ.કાર્લ યુંગ કે પછી આપણા સૌના લાડીલા અને વંદનીય ડૉ.અબ્દુલ કલામ.

એક શરીર એવું છે જેને સૌ જાણે છે, જેને નરી આંખે જોઈ શકાય છે, જેને સ્પર્શી શકાય છે, જેનો સામાન્ય કૅમેરાથી ફૉટો લઈ શકાય છે, જેમાં આજનું મેડિકલ સાયન્સ વાઢકાપ કરી શકે છે, જેને નાનપણમાં શરીરવિજ્ઞાન તરીકે ભણી ચૂક્યા છીએ. આ છે આપણું સ્થૂળ શરીર.

સ્થૂળ શરીરની ફરતું એક બીજું શરીર હોય, જે બને શરીરમાંથી નીકળતા વિદ્યુત તરંગો (electromagnetic waves) દ્વારા. દેવ-દેવીઓના/ઋષિ-મુનિઓના ફૉટો પાછળ આભાનાં વલયો દર્શાવ્યાં હોય, એ વલયો તે જ ઑરા . જેમ પ્રત્યેક વ્યક્તિની હસ્તરેખા જુદી હોય, તેમ દરેક વ્યક્તિનો ઑરા જુદો હોય.

ઑરા ફૉટોગ્રાફી

અધ્યાત્મનાં એક સ્તર સુધી પહોંચ્યા પછી ઑરા નરી આંખે પણ જોઈ શકાય. તે સિવાય એક ખાસ પ્રકારના કિર્લિયન કૅમેરા નામક ગૅઝેટ દ્વારા આ શરીરનો ફોટો લઈ શકાય. આ શોધ રશિયન વૈજ્ઞાનિક ડૉ. કિર્લિઅન દ્વારા 1939માં થયેલી, ત્યાર બાદ હેરી ઓલ્ડફિલ્ડ દ્વારા 1989માં PIP(Polycontrast Interference Photography) સ્કેનર, 1995માં રશિયન વૈજ્ઞાનિક ડૉ. કોરોત્કોવ દ્વારા GDV (ગેસ ડિસ્ચાર્જ વિઝ્યુઅલાઇઝેશન) કૅમેરા, એ પછી જર્મનીના ડૉ. થ્રોન્ટન સ્ટ્રીટર દ્વારા બાયોફિલ્ડ વ્યૂઅર વિકસાવવામાં આવેલા છે, જે કિર્લિઅન કૅમેરાનાં આધુનિક સ્વરૂપ છે.

ઑરાના ફૉટોગ્રાફ દ્વારા ઘણું જાણી શકાય, જેમ કે: 1) વ્યક્તિને ભવિષ્યમાં થનાર રોગની સંભાવના અને પ્રકાર

2) વ્યક્તિનો સ્વભાવ

3) વ્યક્તિમાં શું ખૂબી છે

4) જગ્યા/મકાન/રૂમની એનર્જી

5) જે વ્યક્તિને ગુરુ/સંત તરીકે માનીએ તેમનું આધ્યાત્મિક સ્તર

6) મૉબાઇલ ફૉનનાં રૅડિયેશનની શરીર પર અસર

7) કોઈ ચોક્કસ સંજોગોમાં કે ચોક્કસ સમયે વ્યક્તિની ભાવનાત્મક સ્થિતિ

8) ઓર્ગેનિક અને વ્યવસાયિક રીતે ઉગાડાયેલ શાકભાજી/અનાજની ઊર્જા વચ્ચેનો ફરક

9) ક્રોધ કરતી વખતે અથવા ક્રોધ સહન કરતી વખતે ઑરામાં આવતો બદલાવ

10) જુદા-જુદા શબ્દો અને વિચારોથી ઑરામાં આવતો બદલાવ

આ સિવાય અનેક માહિતી મળી શકે; ઉપરોક્ત યાદી સૂચક છે, સંપૂર્ણ નહીં.

ઑરા – સુરક્ષાકવચ

ઑરા સ્થૂળ શરીર ફરતું સુરક્ષાકવચનું કામ કરે છે. કોઈ પણ રોગનું આક્રમણ પહેલાં ઑરા પર થાય, ઑરા આક્રમણને ખાળવાની તમામ કોશિશ કરે, તે નબળો પડે ત્યારે રોગ સ્થૂળ શરીર પર પહોંચી જાય. આ આક્રમણ અને તેના પ્રતિકારની પ્રક્રિયા લાંબો સમય ચાલે - દિવસો, મહિનાઓ કે વર્ષો સુધી પણ. ઑરાના અભ્યાસ દ્વારા રોગ સ્થૂળ શરીર પર આવ્યાના ઘણા સમય પહેલાં જ ખ્યાલ આવી શકે કે કયા ભાગમાં અથવા કયા પ્રકારનો રોગ થવાની સંભાવના છે. જો ઑરા ને સશક્ત બનાવીએ તો સ્થૂળ શરીર પર રોગ લાગવાની સંભાવના ઘણી ઘટી શકે, થયેલ રોગ દૂર થઈ શકે. ઘણાં જોખમો અને અકસ્માત જેવી દુર્ઘટનાઓથી બચી શકાય.

હવે સમય છે વિરામનો. આવતા હપ્તે વિવિધ વ્યક્તિઓના ઑરા ફૉટો જોઈ, વધુ સમજણ મેળવીશું; નિર્જીવ વસ્તુઓના ઑરા વિશે જાણીશું, તેના ફૉટો પણ જોઈશું; ઑરાને જાતે જ મહેસૂસ કરી શકીએ તેવો એક સરળ પ્રયોગ કરીશું.

(ક્રમશઃ)

ANB IMMIGRATION

# Canada's New Immigration Levels Plan (2026-2028)

**Permanent Resident Admissions**

| Category | 2026 | 2027 | 2028 |
|---|---|---|---|
| **Total Permanent Residents** | **380,000** | **380,000** | **380,000** |
| Economic Immigration | 239,800 | 244,700 | 244,700 |
| Family Reunification | 84,000 | 81,000 | 81,000 |
| Refugees & Humanitarian | 56,200 | 54,300 | 54,300 |
| French-speaking outside Quebec | 9% | 9.5% | 10.5% |

**Temporary Resident Admissions**

| Category | 2026 | 2027 | 2028 |
|---|---|---|---|
| Workers | 230,000 | 220,000 | 220,000 |
| Students | 155,000 | 150,000 | 150,000 |
| Total Temporary Residents | 385,000 | 370,000 | 370,000 |

This plan balances immigration with housing, jobs, and economic capacity — aiming for stability, not rapid growth.

**Nayan Brahmbhatt - President ANB Immigration Services**

INFO@ANBIMMIGRATION.COM

905-230-4737

6201 Hwy 7, Unit #10, Woodbridge, ON L4H 0K7

AFFINITY MORTGAGE SOLUTIONS INC

DOMINION LENDING CENTRES



BANK OF CANADA CUTS KEY INTEREST RATE BY 0.25%

**Kunj Parikh**

Mortgage Agent Level 1

647-774-7196

300 - 140 Allstate Parkway, Markham, ON L3R 5YR

Independently Owned & Operated FSRA#13093

Lower Payments? Increased Buying Power!
Let's Connect!


Diwali OFFER
MitRam INDIAN GROCERY
Diwali OFFER
દિવાળી ઓફરનો લાભ ચાલુ છે
ALL SPICES 20% Off
PULSES 15% Off
AKASH NAMKEEN 25% Off
MTR READY TO EAT 25% Off
CHAKKI ATTA 20 lb $12.90
SHARBATI ATTA 20lb $14.90
FINE BESAN 1.6Kg 1 for $5.5 2 for $10
W B TEA 1Kg $9.90
POHA 800gm $2.5 3LB $3.5
MAKHANA 400Gm $14
MAMRA BASMATI 400 Gm 1 for $3 2 for $4
MAMRA KOLHAPURI 400gm 1 for $3.5 2 for $5
ALL MAYONNAISE Buy 1 @ $3 Buy 2 Get 1 Free @ $6
ALL FLAVOURED MAKHANA 80GM Buy 1 @ $3 Buy 3 @ $7.5
FLAVOURED DRYFRUITS $4.90 EACH
MITRAM NAMKEEN 10% OFF
KHAKHRA $1.99 EACH
KESAR MANGO PULP 1 for $4 2 for $7
ALPHONSO MANGO PULP 1 for $5 2 for $9
KOLHAPURI GOR (jaggery) 5.5Kg $11.90
DESHI GOR (jaggery) 2Kg $5.5
DESHI GOR (jaggery) 4Kg $10
CHIA SEEDS 200gm $2
FLAX SEEDS 200gm $1.5
PUMPKIN SEEDS 200gm $3
SUNFLOWER SEEDS 200gm $2.5
BASIL SEEDS 200gm $2
CASHEW 400gm $7
ALMONDS 400gm $7
APRICOT 400gm $5.5
Whatsapp Group
PISTACHIO 400gm $9
RAISIN 400gm Green $5.5 Black $5.5
MOUTH FRESHENER 400GM $4 150GM $2 Jar
Offer PDF
Limited Quantities Available | Taxes Extra | Price Subject To Change Without Notice
+14374310244 Mitram Foods Ltd. 386 Deerhurst Dr, Brampton, ON L6T 5H9, Canada

## Wish you Happy Diwali and New Year




# HOMELIFE

HIGHER STANDARDS

HomeLife/Miracle Realty Ltd.

**Brokerage, Independently Owned & Operated**

# SANJU PATEL

**Broker**



| | |
|---|---|
| **DIRECT** | **647-721-0491** |
| **OFFICE** | **905-454-4000** |
| **FAX** | **905-463-0811** |

REALTOR

MULTIPLE LISTING SERVICE

**Email realtorsanju@gmail. com**

**Web www. shivbijhomes. com**

# માર્કબુક ગુજરાતી સમાજ દ્વારા દિવાળી સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો









માર્કબુક ગુજરાતી સમાજ દ્વારા તા.9/11/25 ના રોજ ગોરમીડો કોમ્યુનિટી હોલ, બેમ્પ્ટનમાં દિવાળી સ્નેહ મિલન કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતુ. કાર્યક્રમની શરૂઆત શ્રી લક્ષ્મણભાઈ- કૈલાસબેન, શ્રી જયેશભાઈ- જ્યોતીબેન દ્વારા દિપ પ્રગટાવી કરવામાં આવી હતી. આ પ્રસંગે આ સમાજના સ્થાપક સ્વ. મોહનભાઈ પટેલને યાદ કરીને શ્રધ્ધાંજલી પાઠવવામાં આવી હતી. શ્રી જતીનભાઈ સોલંકીએ કાર્યક્રમના સ્પોન્સરનો પરિચય કરાવ્યો હતો. કાર્યક્રમમાં આશરે 200 ગુજરાતી સભ્યોએ ભાગ લીધો હતો અને આનંદપૂર્વક માણ્યો હતો. સમગ્ર કાર્યક્રમને જાણીતા ગુજરાતી કલાકાર શ્રી સચિન જોષીએ ગીત-સંગીત દ્વારા આનંદ ઉત્સાહ થઈ ભરી દીધો હતો. બાળકો માટે રમતગમતનું આયોજન કરવામાં આવેલ અને ઈનામ પણ આપવામાં આવ્યા હતા. સમાજના સભ્યો સર્વ શ્રી રાજભાઇ, ઉત્પલભાઇ, પાર્થિવભાઇ, અમોલભાઇ અને જિજ્ઞાસાબહેને ગીતો ગાઈ સભ્યોનું મનોરંજન કરી દિલ જીતી લીધાં હતા. બાળકલાકાર શ્રીયા અને આદિત્યે સુંદર પર્ફોર્મન્સ રજુ કર્યા હતા. આ પછી બધાએ ગ્વાલિયા રેસ્ટોરન્ટના સ્વાદિષ્ટ ભોજનનો આનંદ માણ્યો હતો. અંતમાં બોલીવુડ ડાન્સ અને ગરબા ગાયા હતા. છેલ્લે આઈસ્ક્રીમ ખાઈ સુંદર પ્રસંગના સુંદર સંભારણાં લઈ સૌ છુટા પડ્યા હતા. સમગ્ર કાર્યક્રમના સુંદર આયોજન માટે શ્રી જૈયમીનભાઈ પટેલ, શ્રી જતીનભાઈ સોલંકી, શ્રી કનુભાઇ વરુ , શ્રી મૌલિક ભટ્ટ તથા અન્ય તમામ વોલેન્ટિયરનો સૌએ આભાર માન્યો હતો અને તાલીમના ગડગડાટથી વધાવી લીધા હતા.

EDM
Elite Digital Marketing
LETS BE POPULAR

ELITE
PRINT & DIGITAL MARKETING

Lowest Price

- Business Card, Flyers, Brochures, Posters Banners etc.
- All other Printing
- Website Development
- Social Media Management/SEO
- Graphic Design
- Excel VBA consulting
- Automation Project
- Start Up Consulting

facebook Link
Chat
Let's Start!

Parth Patel
647 655 5029

Let's Be popular


Find on Google

**Abhay Joshi**
(Mortgage Agent Level 2)

AFFINITY MORTGAGE SOLUTIONS INC
DOMINION LENDING CENTRES

# Looking for Mortgage Services?

- 1st & 2nd mortgage
- Home equity loans
- Residential mortgage
- Commercial mortgage
- Refinancing
- and many more




CONTACT US

CELL : (647) 409-5848

Lic #M22003707

# હાર પછીની શરૂઆત

લેખકછ ભરવભાઈભાનુશાલી, વિસનગર, ગુજરાત




જીવન એક સફર છે, જ્યાં જીત અને હાર બંને સાથે ચાલે છે. હાર એ અંત નથી, પણ એક નવા પ્રારંભનો સંકેત છે. હારવું એ માનવીય છે, કારણ કે દરેક પ્રયાસ સફળ થાય એવું જરૂરી નથી. પરંતુ હાર સ્વીકારીને બેસી જવું એ સાચી ખોટ છે.

જે વ્યક્તિ પ્રયત્ન છોડે છે, તે પોતાનું સ્વપ્ન અધૂરું રાખે છે. દરેક નિષ્ફળતા એક પાઠ છે, જે આપણને વધુ મજબૂત બનાવે છે. સમય, પરિસ્થિતિ અને સંજોગો ક્યારેક આપણા વિરુદ્ધ જાય છે, પણ એ આપણું ભવિષ્ય નક્કી કરતા નથી.

હારેલા યુદ્ધના મેદાનમાં પણ આશાની ચિંહ : z જળતી રાખનાર જ વિજેતા બને છે. હાર પછી જો મનુષ્ય પોતાની ભૂલોમાંથી શીખે, તો તે હાર તેની સૌથી મોટી જીત બની જાય છે.

જીવનમાં જીત-હારથી વધુ મહત્વનો છે "પ્રયત્ન" કારણ કે પ્રયત્ન કરનાર કદી ખાલી હાથે પાછો ફરતો નથી. ક્યારેક સફળતા તાત્કાલિક ન મળે, પણ તેના બીજ દરેક નિષ્ફળ પ્રયાસમાં વાવાતા રહે છે.

હારથી ડરવાને બદલે, હારને સમજવાનો પ્રયાસ કરો. હાર એ આપણું મનોબળ માપવાની કસોટી છે. જે હાર પછી ફરી ઊભો થાય છે, તે દુનિયાને બતાવે છે કે શક્તિ શરીરમાં નહિ, મનમાં વસે છે.

પૂર્ણવિરામ પણ અંત નથી - તે નવા વાક્યની શરૂઆત છે. એ રીતે, હાર પણ અંત નથી, પણ નવા પ્રયત્નોની શરૂઆત છે. દરેક પડકારમાં એક તક છુપાયેલી હોય છે. એને જોવાનું દૃષ્ટિકોણ જ આપણું જીવન બદલી શકે છે.

જીવનના રસ્તા પર અનેક વાર પડી જઈએ, પણ જો દરેક વાર ફરી ઊભા થવાની હિંમત રાખીએ તો કોઈ શક્તિ આપણને રોકી શકતી નથી. સફળતા એ અંતિમ ગંતવ્ય નથી, પણ દરેક પ્રયાસ પછીની નવી શરૂઆત છે.

જીતવા માટે સૌથી પહેલાં પોતાને જીતવું પડે. મનની નિરાશા, શંકા અને ભય – એ જ આપણા સૌથી મોટા શત્રુ છે. એકવાર જો મન જીતી લઈએ, તો આખી દુનિયા જીતવી સરળ બની જાય છે.

તેથી હારને કદી અંત સમજીને રોકાઈ જશો નહીં. હાર સ્વીકારીને આગળ વધો, કારણ કે કાલે એ જ હાર તમારી જીતની કથા લખશે.

જીવનનો સાર એ જ છે. "હારી જવું એ ખોટું નથી, પણ હાર માની લેવી એ ખોટું છે.

કારણ કે પૂર્ણવિરામ અંત નથી, એ નવા વાક્યની શરૂઆત પણ છે."

# મિથુન લગ્ન એટલે જન્મ કુંડલીમાં પ્રથમ ભાવ 3 નંબરની રાશિ




જ્યોતિષ-આચાર્ય શ્રી સુરેશભાઈ ગાંધી-કેનેડા




આજે આપણે મિથુન લગ્ન વાત કરીશું. મિથુન લગ્ન એટલે જન્મ કુંડલીમાં પ્રથમ ભાવ 3 નંબર રાશિ આવે છે. એટલે 1 ભાવમાં 3 નંબરનો આંકડો હોય તે મિથુનલગ્ન કહેવાય છે. તે વાયુ તત્વની રાશિગણાય છે.

આ લગ્નના જાતકની મુખાકૃતિ ગોળ, ઘઉવર્ણી હાસ્યરસિત, સંગીતમાં રૂચી, બુદ્ધીશાળી, પરોપકારી, દાની, મિત્રો વધારે હોઇ શકે. ગણતરીબાજી, ચંચળ મનોવૃત્તિ, જીવનની શરૂઆત સામાન્ય રહે છે. પરંતુ પાછલી અવસ્થા સારી પસાર થાય છે. ભાગ્યોદયના વર્ષ સમાન્ય ગણતરી મુજબ 22, 32, 35, 36 અને 42 ગણી શકાય છે.

આ લગ્નના જાતક માટે કુંડલીના પ્રથમ અને ચોથા સ્થાનનો માલિક શુભ ગ્રહ બુધ બને છે. બીજાનો સ્વામી ચંદ્ર, ત્રીજા સ્થાનનો સ્વામી સૂર્ય પાંચમાને બારમાનો સ્વામી શુક્ર અને છઠ્ઠા અને અગિયારમાનો સ્વામી મંગળ, સાતમા -દશમાનો સ્વામી ગુરૂ તથા આઠમા-નવમાનો સ્વામી શનિ બને છે.



મિથુન લગ્નના જાતકો માટે શુભ ગ્રહ માત્ર શુક્ર છે. ચંદ્ર, બુધ તટસ્થ ગ્રહ ગણાય છે.

જ્યારે સૂર્ય મંગળ, ગુરુ અને શનિ અશુભ ગ્રહ બને છે. આવા જાતકો સ્ત્રી હોય કે પુરુષને સાત ગ્રહો અને બે છાયાગ્રહો રાહુ તથા કેતુ જુદા જુદા સ્થાને જુદી જુદી રાશિઓમાં રહી જુદુ જુદુ ફળ આપે છે. આથી મીથુન લગ્ન ઉપરથી સંપૂર્ણ માહિતિ સમજવું મુશ્કેલ છે.

નોંધઃ આથી પાછળથી આ લગ્નમાં જુદા જુદા ગ્રહો અને જુદા જુદા ભાવમાં (સ્થાન) કેવું ફળ મળે છે તે જોઇશું જેથી તમારો અભ્યાસ નિયમિત રાખશો તો સમય સાથે 12 લગ્નની વાત કરીશું.




PEGASUS
MORTGAGE LENDING CENTER INC.
FSRA Lic # 11479 | Lic # M25001526

Jaimin Patel
Mortgage Agent Level 1

1457 McCowan Road, Suite 202
Toronto, ON M1S 5K7
Office (416) 281-9628

(226) 975-8054
jaimin.patel@pegasusmortgages.com
www.mortgagewithjp.com
www.facebook.com/pegasuslending

JTP FINANCIAL

SERVICES

Financial Freedom Starts Here

# Mastering Your money

Building Your Wealth Starts With Making the Right Financial Choice

Why Choose Us?

## Our Key Offerings

- Personal Financial Planning
- Life Insurance
- Disability Insurance
- Critical Illness Coverage
- Group/Business Insurance
- Health & Travel Insurance
- Registered Education Savings Plan (RESP)
- Registered Retirement Savings Plan (RRSP)
- Tax-Free Savings Account (TFSA)
- Annuities
- Registered Retirement Income Fund (RRIF)
- Life Income Fund (LIF)
- Investment Strategies
- Wealth Management
- Retirement Planning





JOYCE TSANG-PATEL
FINANCIAL STRATEGIST
FSRA (LICENSE NO. 24226879)

JOYCE TSANG-PATEL

Phone Number: 416-845-1323

Website: www.jtpfinancial.ca

# પરમેશ્વરનો ઉપકાર માનવાનો ઉત્સવ : આભાર પ્રતિભાવ દિવસ



## Thanksgiving day

લેખકઃ હસમુખ બી. પટેલ, 'હર્ષ'-'પરખ' અમદાવાદ-નારદીપુર

વર્ષ 2025માં થેંક્સગિવીંગ ડે ( આભાર પ્રતિભાવ દિન ) 27મી નવેમ્બરે આવે છે. વર્ષ 2024માં થેંક્સગિવીંગ ડે ( આભાર પ્રતિભાવ દિન ) 28મી નવેમ્બરે હતો. આ દિવસ સમગ્ર અમેરિકામાં ઊજવાતો રાષ્ટ્રીય તહેવાર છે. આ દિવસે જાહેર રજા હોય છે. દર વર્ષે નવેમ્બરના ચોથા ગુરુવારે આ દિવસ ઉજવવામાં આવે છે. આ તહેવાર ધન્યવાદ અને કૃતજ્ઞતાની ભાવનાને પ્રતિબિંબિત કરે છે. ખરેખર તો આભાર પ્રતિભાવ દિવસ એ તહેવારોની મોસમનો ઉદગમ દિવસ કહેવાય છે. કારણ કે થેંક્સગિવીંગ ડે ક્રિસમસ અને નવા વર્ષની શરૂઆત કરે છે. થેંક્સગિવીંગ એ યુનાઇટેડ સ્ટેટ્સ, કેનેડા, સેન્ટ લુસિયા, લાઈબેરિયા, બ્રાઝિલ અને જર્મની જેવા દેશોમાં ઓક્ટોબર અને નવેમ્બરમાં વિવિધ તારીખે ઉજવવામાં આવતી રાષ્ટ્રીય રજા છે. આ દિવસ ઓસ્ટ્રેલિયાના નોર્ફોર્ક ટાપુ પર પણ ઉજવવામાં આવે છે. આ દિવસ વીતેલા વર્ષ દરમિયાન મળેલા આશીર્વાદનો આભાર માનવા તથા વીતેલા વર્ષ દરમિયાન તમામ પ્રકારના સહયોગમાં આવેલ પ્રત્યેકનો આભાર માનવા શરૂ થયો હતો. પાનખર દરમિયાન સમગ્ર વિશ્વમાં સમાન નામવાળી વિવિધ લણણી ઉત્સવની રજાઓ હોય છે. જોકે થેંક્સગિવીંગ ડે ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરાઓમાં ઐતિહાસિક મૂળ ધરાવે છે, તે લાંબા સમયથી બિનસાંપ્રદાયિક રજા તરીકે પણ ઉજવવામાં આવે છે.

થેંક્સગિવીંગ ડે એ એક પ્રિય અને મનગમતી અમેરિકન રજા છે. આ દિવસની ઊજવણીમાં લોકો પરિવારો અને મિત્રો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરે છે. આ દિવસે એકતાની ભાવના પ્રદર્શિત થાય છે. આ દિવસે બધા પરિવારો અને મિત્રો ભેગા થઈને પરસ્પરની કૃતજ્ઞતા વ્યક્ત કરે છે. વીતેલા વર્ષ દરમિયાન મળેલા આશીર્વાદ માટે પરમેશ્વરનો આભાર માને છે. જીવનની વિશાળતા માટે ઐક્ય થકી પરસ્પર આભાર ભાવ વ્યક્ત કરવાનો દિવસ એટલે જ થેંક્સગિવીંગ ડે.

થેંક્સગિવીંગ દિવસનો ઇતિહાસ 16મી સદીમાં બનેલી મહત્વપૂર્ણ ઘટના સાથે જોડાયેલો છે. ઇંગ્લેન્ડના યાત્રાળુઓ (પ્રવાસીઓ) અમેરિકાના મેસેચ્યુસેટ્સમાં સ્થાયી થયા. તેઓ તેમની સાથે અનાજ અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓ લાવ્યા હતા, પરંતુ અમેરિકામાં કેવી રીતે ટકી રહેવું તે અંગે તેમને કોઈ ખ્યાલ નહોતો. સ્થાનિક રહેવાસીઓ સાથે તેમણે મિત્રતા કરી અને ત્યાંના રહેવાસીઓને ખેતી શીખવાડવા લાગ્યા.

ઇસ 1621 માં યાત્રાળુઓએ વાવણી પછીની તેમની ખેતીની પ્રથમ લણણી કરી અને તેના માટે આભાર માનવા એક સમારોહ યોજ્યો. પ્રવાસીઓ અને સ્થાનિકોએ સાથે મળીને ત્રણ દિવસ ઉજવણી કરી જેમાં વિવિધ ભોજન, રમતો અને આનંદપ્રમોદની પ્રવૃત્તિઓનો સમાવેશ થતો હતો. આ ઉજવણીને પ્રથમ થેંક્સગિવીંગ કહેવામાં આવે છે.

1863માં યુએસ પ્રમુખ અબ્રાહમ લિંકને થેંક્સગિવીંગ ડેને સત્તાવાર તહેવાર જાહેર કર્યો હતો. તેમણે જાહેરાત કરી હતી કે દર વર્ષે નવેમ્બરના ચોથા ગુરુવારે થેંક્સગિવીંગ ડે ઉજવવામાં આવશે. લિંકને વિચાર્યું હતું કે થેંક્સગિવીંગ ડે દેશના લોકોને તેમના પરિવાર અને મિત્રો સાથે ભેગા થવા અને આભાર માનવા માટે તક પૂરી પાડશે.આમ, થેંક્સગિવીંગ ડે એ અમેરિકામાં એક મહત્વપૂર્ણ તહેવાર છે, જે કુટુંબ, મિત્રો અને સમુદાય સાથે ભેગા થવાની અને આભાર માનવા માટેની તક પૂરી પાડે છે.

આભાર પ્રતિભાવ દિવસે હળીમળીને જુદી જુદી રીતે ઊજવીને પોતાનો આભાર ભાવ વ્યક્ત કરવામાં આવે છે.

પ્રિયજનો સાથે મિજબાની: મિત્રો અને પરિવારજનો સાથે ભેગા થઇ ભોજનનો ઉત્સવ ઊજવી પરસ્પર આભાર ઉષ્મા પ્રગટ કરવી.

* કૃતજ્ઞતા વ્યક્ત કરો: તમારા જીવનમાં મળેલા આશીર્વાદ માટે વ્યસ્ત જીવન વચ્ચે સમય કાઢીને પ્રાર્થના, પ્રતિભાવ અને વાતચીત દ્વારા કૃતજ્ઞતા વ્યક્ત કરવી.

રૂણ સ્વીકાર : જે જે વ્યક્તિ/લોકો/ સમુદાય પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઉપયોગી બનેલાં હોય એ સૌના રૂણસ્વીકાર માટે સ્થાનિક દાન ધર્માદો કરવો, ભોજન પ્રબંધ કરવો, બેઘર લોકોને આશ્રયસ્થાન આપવું , સ્વસંસેવા આપવી.

કવાયત જોવી: ઐતિહાસિક કે સાંસ્કૃતિક મેળાવડા ને કવાયત જોવા જવું.ફુગ્ગા, મંચ સુશોભન, પ્રદર્શન અને અભિનયને જોવા-વખાણવા- સત્કારવા.

ફૂટબોલનો આનંદ માણો: ઘણા લોકો થેંક્સગિવીંગ ડે પર યોજાતી NFL ફૂટબોલ રમતો જોવી.

સજાવટ અને હસ્તકલા: તમારા ઘર અથવા કાર્યક્રમ સ્થળને થેંક્સગિવિંગ-થીમ આધારિત સજાવટ અને હસ્તકલા કરવી. આભાર પ્રતિભાવ દિનના કેન્દ્રબિંદુઓ સાથે સર્જનાત્મક બનવું.

સંવેદના, પ્રસંગ અને વાત વહેંચવી: કટુંબીજનો, સંતાનો તથા પ્રિયજનો સાથે સંવેદના, પ્રસંગ અને વાતો કરવી. જેથી સાયુજ્ય વધે, હૂંફ ઉદભવે, સન્માન પ્રસરે તથા કૃતજ્ઞતા જાગે.

થેંક્સગિવીંગ સ્લોગન, કાર્ડ્સ અને વિશેષ બાબતો:

થેંક્સગિવીંગ કાર્ડ્સ અન્ય લોકો સાથે કૃતજ્ઞતા શેર કરવા અને તમારા જીવનમાં રહેલા લોકો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો એક ઉત્તમ માર્ગ છે. હૃદયસ્પર્શી સૂત્ર અથવા કહેવતનો સમાવેશ કરવાથી તમારા કાર્ડને વધુ અનોખું, વધુ અર્થપૂર્ણ બનાવી શકાય છે. આવા હૃદય સ્પર્શી સૂત્રોને કારણે જેમને આપવામાં આવેલ હોય તેમના પરત્વે પડઘો પાડતો વ્યક્તિગત સ્પર્શ ઉમેરાય છે. આભાર માનવાની આ ઋતુ દરમિયાન વિચારશીલ અને લાગણીશીલ સંદેશાઓ ઉષ્માભરી લાગણીઓ જગાડી શકે છે અને તમારા પરસ્પર સંબંધોને મજબૂત બનાવી શકે છે. હાથથી લખાયેલ હોય કે છાપેલ, આ લાગણીઓ કાયમી યાદો બનાવે છે જે રજા પસાર થયા પછી પણ લાંબા સમય સુધી જાળવી શકાય છે.

'તમને આશીર્વાદની લણણીની શુભેચ્છા'

'તમારો થેંક્સગિવીંગ આનંદ અને હાસ્યથી ભરેલો રહે'

'તમને હાર્દિક શુભેચ્છાઓ અને કોળાના ચુંબન મોકલી રહ્યું છે'

'તમને અને તમારા પરિવારને થેંક્સગિવીંગની શુભકામનાઓ'

ક્લાસિક થેંક્સગિવીંગ સૂત્રોમાં 'આભારપૂર્વક હૃદયથી આભાર માનો', 'લણણીના આશીર્વાદ' અને 'આભારી હૃદયથી ભેગા થાઓ' નો સમાવેશ થાય છે.

રમુજી થેંક્સગિવીંગ સ્લોગનમાં "ગોબલ- 'ટિલ યુ વોબલ", 'ફિસ્ટ મોડ: ઓન' અને 'લેફ્ટઓવર આર ફોર ક્વિટર્સ' નો સમાવેશ થાય છે.

પ્રેરણાદાયી થેંક્સગિવીંગ કહેવતોમાં 'કૃતજ્ઞતા આપણી પાસે જે છે તે પૂરતું બનાવે છે', 'કૃતજ્ઞતા એ ખુશીની શરૂઆત છે' અને 'માપથી આગળ આશીર્વાદ'નો સમાવેશ થાય છે.

વિશાળ અર્થમાં જોઇએ તો થેંક્સગિવીંગ ડે (આભાર પ્રતિભાવ દિન) માનવીને માનવીની નજીક લાવવાનો દિવસ છે. વિભક્ત સંસ્કૃતિ ભૂલીને ભારતીય પરંપરા અનુસાર સંયુક્ત થવાનો દિવસ છે. આપણા માટે કોઇએ પણ કર્યું હોય તો નમ્ર થઈ આભાર માની ઉપકારની સામે સવાયો ઉપકાર કરવો એટલે જ થેંક્સગિવીંગ ડે ( આભાર પ્રતિભાવ દિન ).

સૂક્ષ્મ નિરીક્ષણ કરીએ તો થેંક્સગિવીંગ (આભાર પ્રતિભાવ દિન) દિવસ એટલે જાતની 'પરખ' કરીને પરમેશ્વરનો ઉપકાર માનવાનો ઉત્સવ. આવો, આપણે સૌ પણ કેનેડાના અગ્રગણ્ય ગુજરાતી અઠવાડિક 'ગરવી ગુજરાત' મારફતે માનવજન્મ માટે પ્રભુનો તથા વર્ષ ૨૦૨૫માં તા. ૨૭ નવેમ્બરના દિવસે આપણને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદરૂપ થયેલ સૌને આભારનો ઉષ્માસભર પ્રતિભાવ આપીએ.

## જય હિંદ સિનિયર્સ ક્લબ, બ્રેમ્પટનના બેનર હેઠળ

# "દિવાળી સ્નેહ મિલન અને પ્રીતિ ભોજન" ની ભવ્ય ઉજવણી ખૂબ જ ઉત્સાહ અને આનંદ સાથે યોજાઈ

ડૉ. અજય રાયઝાદા, સંયુક્ત સચિવ દ્વારા જારી કરાયેલ

જય હિંદ સિનિયર્સ ક્લબ અને જય હિંદ કેનેડિયન સોસાયટી INC વતી

બ્રેમ્પટન, 8 નવેમ્બર, 2025:

અમને જણાવતા આનંદ થાય છે કે "દિવાળી સ્નેહ મિલન અને પ્રીતિ ભોજન" ની અમારી ભવ્ય ઉજવણી જય હિંદ સિનિયર્સ ક્લબ, બ્રેમ્પટનના બેનર હેઠળ આર્કડેકિન રિક્રિએશન સેન્ટર ખાતે ખૂબ જ ઉત્સાહ અને આનંદ સાથે યોજાઈ હતી. આ કાર્યક્રમમાં ગ્રેટર ટોરોન્ટો વિસ્તારમાં ભારતીય સમુદાયના વરિષ્ઠ નાગરિકો અને તેમના પરિવારના સભ્યો, મહેમાનો અને શુભેચ્છકોનો મોટો મેળાવડો આવ્યો હતો.

# કાર્યક્રમમાં ભાગ લેનારા મહાનુભાવો

આપણા સન્માનિત મહેમાનો:

શ્રી અમરજીત ગિલ

શ્રી મુરારી લાલ થપલિયાલ

શ્રી અજય ફોતેદાર

તેમની હાજરીએ ઉજવણીમાં અપાર મૂલ્ય અને હૂંફ ઉમેરી.

# શુભ શરૂઆત

કાર્યક્રમની શરૂઆત પરંપરાગત ગણેશ વંદનાથી થઈ, ત્યારબાદ ભક્તિમય ભજન અને મધુર સંગીતમય પ્રદર્શન દ્વારા સકારાત્મકતા અને દૈવી કૃપાથી ભરપૂર વાતાવરણ સર્જાયું

# પ્રમુખ શ્રી ભાષણ

આપણા આદરણીય પ્રમુખ શ્રી ચંદ્રેશભાઈ પટેલે પ્રેરણાદાયક અને દૂરંદેશી ભાષણ આપ્યું. તેમણે જય હિંદ સિનિયર્સ ક્લબના મિશન અને વિઝન - વરિષ્ઠોને એક કરવા, તેમના જીવનને આત્મવિશ્વાસ, ગૌરવ, ભાવનાત્મક શક્તિ અને સુરક્ષાની ભાવનાથી સમૃદ્ધ બનાવવા - વિશે વિગતવાર વાત કરી.

વરિષ્ઠ લોકો અને તેમના પરિવારો સાથેના તેમના સંવાદથી આપણા સમુદાયમાં બંધન મજબૂત બન્યું છે, જેના પરિણામે આ વર્ષના ઉજવણીમાં મોટી અને ઉત્સાહી હાજરી જોવા મળી છે.

યુવાનોની ભાગીદારી - એક નવો સીમાચિહ્ન

આ વર્ષે, અમે ગર્વથી એક અસાધારણ આંતર-પેઢી સંમિશ્રણ જોયું. દિવ્યાંગ ત્રિવેદી, નિર્ભય મકવાણા, હરિત પટેલ, પ્રતીક ચતુર્વેદી, બિરેન મહેતા, નીરવ પટેલ, દીપેન્દ્ર મઝુમદાર, હિરેન પટેલ, શીતલ પટેલ, તૃષાલી પટેલ અને સેજલ પટેલની આગેવાની હેઠળના ઉત્સાહી યુવાનોના એક જૂથે ઉત્સાહ સાથે અમારી સાથે જોડાયા. તેમની ભાગીદારીએ






ઉજવણીમાં તાજગી, સર્જનાત્મકતા અને આધુનિક સ્પર્શ લાવ્યો - આ કાર્યક્રમ ખરેખર અનોખો અને યાદગાર બનાવ્યો.

અમને જણાવતા આનંદ થાય છે કે "જય હિંદ કેનેડિયન સોસાયટી INC" એ હવે અમારી યુવા પેઢી માટે તેની સભ્યપદ ખોલી છે. આ પહેલનો હેતુ અમારા સિનિયર્સ ક્લબ સાથે અર્થપૂર્ણ વાર્તાલાપ બનાવવાનો છે, જ્યાં અમારા યુવાનો અમારા સિનિયર સભ્યોને તેમના અધિકારો વિશે માહિતગાર રહેવા, નવી ટેકનોલોજી શીખવા અને કટોકટીની પરિસ્થિતિઓ સહિત વિવિધ દૈનિક જરૂરિયાતો માટે સ્માર્ટ ફોનનો ઉપયોગ કરવામાં મદદ કરી શકે છે.

ગરમ સ્વાગત, આતિથ્ય અને સ્વાદિષ્ટ પ્રીતિ ભોજન

દરેક મહેમાનનું ચંદન તિલક સાથે ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું, ત્યારબાદ બપોર સુધી સતત ચા, કોફી અને હળવો નાસ્તો પીરસવામાં આવ્યો.

આદર અને પ્રશંસાના સંકેત રૂપે મહાનુભાવોનું શાલથી સન્માન કરવામાં આવ્યું હતું.

બાદમાં, અમારા બધા માનનીય સભ્યો અને મહેમાનોને સ્વાદિષ્ટ અને સ્વચ્છતાપૂર્વક તૈયાર કરેલું ભોજન પીરસવામાં આવ્યું હતું, જેમણે કાર્યક્રમ દરમિયાન ભોજનનો આનંદ માણ્યો હતો, જેનાથી દિવસની ઉત્સવની







ભાવનામાં સ્વાદ અને સંતોષ ઉમેરાયો હતો.

પ્રશંસા પ્રમાણપત્ર

અમે શ્રી અમરજીત ગિલની હાજરીનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ, જેઓ વ્યક્તિગત રીતે ઉજવણીમાં જોડાયા હતા. તેમના સંબોધનમાં, તેમણે પ્રમુખ ચંદ્રેશભાઈ પટેલના વિઝનની પ્રશંસા કરી અને બંને સંસ્થાઓના પ્રયાસોની પ્રશંસા કરી.

તેમણે જય હિંદ સિનિયર્સ ક્લબ અને જય હિંદ કેનેડિયન સોસાયટી INC ને પ્રશંસા પ્રમાણપત્ર અર્પણ કર્યું, જેમાં વરિષ્ઠ લોકોના કલ્યાણ માટે તેમના યોગદાન અને સમર્પિત સેવાને માન્યતા આપવામાં આવી.

મનોરંજન અને પ્રવૃત્તિઓ

પ્રતિભાશાળી તૃષાલી પટેલ સાથે પ્રતિભાશાળી એન્કર મનીષા પુવારે તેમના જીવંત હોસ્ટિંગ સાથે મનોરંજન ક્ષેત્રની જવાબદારી સંભાળી. તેણીએ તમામ વય જૂથો માટે યોગ્ય વિવિધ આનંદપ્રદ રમતોથી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા.

યુવાનો માટે ખાસ રમતો આનંદ અને હાસ્યથી ભરપૂર આનંદદાયક ક્ષણો લાવ્યા, જે સંસ્થાના વરિષ્ઠ લોકો અને તેમના પરિવારોમાં તણાવ દૂર કરવા અને ખુશીને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે સંપૂર્ણ રીતે સુસંગત હતી.

સાંસ્કૃતિક પ્રદર્શન

અમારી મહિલા સહભાગીઓ દ્વારા રજૂ કરાયેલા સુંદર ગરબા નૃત્યે એક મનમોહક સાંસ્કૃતિક ઉજાગરો ઉમેર્યો જેણે હાજર રહેલા દરેકને મંત્રમુગ્ધ કરી દીધા અને હોલને લય, રંગ અને ઉત્સવના આનંદથી ભરી દીધો.

નાના બાળકો દ્વારા રજૂ કરાયેલા નૃત્ય પ્રદર્શને પ્રેક્ષકોને તેમના આકર્ષણ અને ઉત્સાહથી મંત્રમુગ્ધ કરી દીધા. હીર પટેલ દ્વારા રજૂ કરાયેલ ભવ્ય ગણેશ વંદના, ત્યારબાદ માન્યતા શાહ દ્વારા રજૂ કરાયેલા સુંદર ભરતનાટ્યમ પ્રદર્શને ઉપસ્થિત દરેક વ્યક્તિ તરફથી સતત તાળીઓ અને પ્રશંસા મેળવી, જે પ્રેક્ષકોની તેમની પ્રતિભા અને સમર્પણ પ્રત્યેની પ્રશંસાને પ્રતિબિંબિત કરે છે.

એકતાનો ઉત્સવ

આ કાર્યક્રમે અમારા વરિષ્ઠ સમુદાયના કલ્યાણ અને ખુશી પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને મજબૂત બનાવી. આ ઉજવણીએ ખરેખર અમને ભવિષ્યમાં વધુ અર્થપૂર્ણ અને આકર્ષક કાર્યક્રમોનું આયોજન કરવા પ્રેરણા આપી છે.

કૃતજ્ઞતા

બંને સંસ્થાઓ વતી, હું નિષ્ઠાપૂર્વક આભાર માનું છું:

પ્રમુખ: શ્રી ચંદ્રેશભાઈ પટેલ

ઉપપ્રમુખ: શ્રી ઈન્દરસિંહ મહીડા

સેક્રેટરી: શ્રીમતી ઉષા બેન પટેલ

ખજાનચી: શ્રી સતીશ ભાઈ પટેલ

ઓડિટર: શ્રી અરુણ ભાઈ પટેલ

મુખ્ય ટીમ: શ્રી વિઠ્ઠલ ભાઈ પટેલ

અમે અમારા બધા સમર્પિત સંયોજકો અને સ્વયંસેવકોના મૂલ્યવાન યોગદાનનો પણ આભાર માનીએ છીએ જેમના અથાક પ્રયત્નોએ ઉજવણીની સફળતામાં મોટો ફાળો આપ્યો.

આભાર વ્યકત કર્યો:-

શ્રીમતી ઉષા બેન પટેલ, સેક્રેટરી - જય હિન્દ સિનિયર્સ ક્લબ

જય શ્રી કૃષ્ણ!

જય હિન્દ સિનિયર્સ ક્લબ વતી, હું અમારા બધા મહાનુભાવો, મહેમાનો અને સભ્યોનો તમારી ઉમદા હાજરી અને આ ઉજવણીને ખરેખર યાદગાર બનાવવા બદલ હૃદયપૂર્વક આભાર માનું છું.

આયોજક અને કારોબારી સમિતિઓના તેમના અથાક પ્રયત્નો બદલ, અને આ કાર્યક્રમને ભવ્ય રીતે સફળ બનાવવામાં તેમના મૂલ્યવાન સમર્થન બદલ હું બધા સ્વયંસેવકોનો હૃદયપૂર્વક આભાર માનું છું.

આ આનંદદાયક પ્રસંગનું સમાપન આપણે ભારત અને કેનેડાના રાષ્ટ્રગીત સાથે કરીએ છીએ, જે આપણી એકતા અને સહિયારા ગૌરવનું પ્રતીક છે.

આપ સૌની ઉષ્માભરી હાજરી અને ઉષ્માભરી ભાગીદારી બદલ ફરી એકવાર આપનો આભાર.

# પરદેશ પાર્સલ સર્વિસ

DHL

FedEx Express

UPS

TNT

dpd

## અમેરીકા, યુ.કે., કેનેડા, ઓસ્ટ્રેલિયા, દુબઇ, ન્યુઝીલેન્ડ, આફ્રીકા તથા અન્ય દેશોમાં

## વ્યાજબી ભાવ, ઝડપી સર્વિસ

**Free Box Packing**

**Easy Online Tracking**

**Free Pick-Up**


**Worldwide Services**


# Air Freight Logistics

**ANAND, NADIAD, AHEMDABAD, VADODARA**

# Mo. : +91 98798 56249


Stellar homes
Home staging
“Transform Your Space, Sell Your Home Faster”
We elevate your home into a refined,
beautifully curated expression of living.
Book your consultation today with Stellar homes.
+1(437)-961-1477
urvi.stellarhomes@gmail.com
@stellarhomes_staging
@STELLARHOMES_STAGING
Urvi Thakar
Your staging expert





# રાષ્ટ્રીય બાળ દિવસ

14 નવેમ્બર ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુનો જન્મદિવસ. તેઓ ચાચા ના હુલામણા નામથી જાણીતા હતા. તેઓને બાળકો ખૂબ પ્રિય હતા અને કહેતા કે બાળક રાષ્ટ્રનું ભવિષ્ય છે. તેથી તેમનો જન્મદિવસ સમગ્ર ભારતમાં રાષ્ટ્રીય બાળ દિવસ તરીકે ઉજવાય છે.

જે દેશના બાળકો નબળા અને ગરીબ હોય તથા સુવ્યવસ્થિત અને વિકસિત ન હોય તો તે દેશ સારો વિકસિત ન થઈ શકે. દેશના ઉજ્જવળ ભવિષ્ય માટે, ભારતના શિક્ષણ વિશે, તેની કાળજી વિશે પ્રજામાં જાગૃતતા વધે તેવા ઉમદા આશયથી બાળ દિવસ ઉજવાય છે. વિવિધ એનજીઓ, શાળા કોલેજમાં તથા સરકાર તરફથી બાળકોને આનંદપ્રમોદ અને ઉત્સાહ મળે તેવી પ્રવૃત્તિઓ, રમતો અને કાર્યક્રમો યોજાય છે.

સાહસ, શૌર્ય, વીરતા જેવા વિવિધ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર તેજસ્વી બાળ તારલાઓનું એવોર્ડ આપી સન્માન કરવામાં આવેછે. બાળક કહેછે, ‘ દાદા આખો દિવસ ફોન મચેડ મચેડ કરે છે. મમ્મી અને પપ્પા whatsapp, facebook માંથી નવરા પડતા નથી. મારે બાજી રમવી છે, પાના અને બોલબેટ રમવું છે.

કોઈપણ મારી સાથે કંઈ રમતું જ નથી. બાળકની આ મનોદશા છે. ભાગદોડ ભરી જિંદગીમાં આવક ખર્ચના બે છેડા સરભર કરવા કોઈને કોઈના માટે સમય નથી. પોતાના બાળક માટે પણ નહીં. આપણે તેને સમય આપવા ઇચ્છતા હોઈએ તો પણ વ્યસ્તતા ને લીધે સમય આપી શકતા નથી.

બાળક જીજ્ઞાશા સાથે કોઈ પ્રશ્ન પૂછે તો પણ તેનો ઉત્તર આપતા નથી. તે સાથે રમવાની વાત કરે તો તેને ફોન કે ટેબલેટ હાથમાં પકડાવી નિરાંત અનુભવીએ છીએ. બાળકને તમારો પ્રેમ જોઈએ છે. હાલમાં આપણા બાળકો માટે આપણી પાસે સમય નથી. તેઓ મોટા થશે અને આપણે ઘરડા થઈશું ત્યારે તેમની પાસે આપણા માટે પણ સમય નહીં હોય એ નિર્વિવાદ હકીકત છે.

પોતાના બાળકની સરખામણી કોઈ બીજા બાળક સાથે કરવી નહીં જેમ કે રસિકભાઈનો અક્ષ વર્ગમાં પ્રથમ આવ્યો. દ્વિજા ના ૭૭ ટકા આવ્યા. તેં તો આખું વર્ષ રખડી જ ખાધું છે. વાંચવા લખવાનું મૂકી દીધું છે. શાળામાં શિક્ષક પણ તું ડફોળ છે, તારામાં અક્કલ નથી, આવા નકારાત્મક વિશેષણો વાપરી અણગમો વ્યક્ત કરે છે. આમ કરવાથી બાળક લઘુતાગ્રંથિ પીડાયછે અને નિરાશામાં ધકેલાઈ જાય છે. આ વિશે બિલ ગેટ્સ ખૂબ સરસ વાત કરે છે.

તેમણે કહ્યું છે કે, તમે તમારી જાતને આ દુનિયામાં કોઈની પણ સાથે સરખાવશો નહીં અને જો તમે તેમ કરશો તો તમે તમારી જાતનું અપમાન કરી રહ્યા છો. બાળકની ભૂલ થઈ હોય, ઓછા ગુણ આવ્યા હોય તો તેની ત્રુટી શોધી યોગ્ય માર્ગદર્શન આપી તેના પ્રેરણાના સ્ત્રોત બનજો. અને આ જ પ્રમાણે જો તે સારા પરિણામ મેળવે, સારી સફળતા મેળવે તો પ્રશંસાના બે શબ્દો બોલી તેને પ્રોત્સાહિત કરજો, એટલે જ એક લેખકે સાચું જ કહ્યું છે કે, ‘ તમે આપી શકો તો બાળકને ઉત્સાહની ભેટ આપજો. ’ આમ કરવાથી બાળક વધુ કાર્યાન્વિત બનશે.




લેખક - ઘનશ્યામ પટેલ (ખુશ) કેનેડા.

સમય અને અનુકૂળતા હોય તો જ્યાં બાળ સંસ્કાર કેન્દ્ર ચાલતું હોય ત્યાં બાળકને મોકલીએ તો તેનામાં માનવ મૂલ્ય અને સુટેવોનું ઘડતર જરૂર થશે. બાળક માતાના ગર્ભમાં હોય ત્યારે ઘણું બધું શીખે છે. ગર્ભવતી માતાના ઉદરમાં રહેલ બાળક પર સારા સંસ્કાર આવે તે ખૂબ જરૂરી છે, જેથી આવી ગર્ભવતી મહિલાઓએ તેમની તબિયત સારી હોય અને અનુકૂળતા હોયતો જ્યાં બાળ સંસ્કાર કેન્દ્ર ચાલતું હોય ત્યાં બાળકને મોકલીએ તો તેનામાં માનવ મૂલ્યો અને સુટેવોનું ઘડતર જરૂર થશે. બાળક માતાના ગર્ભમાં હોય ત્યારે ઘણું બધું શીખે છે. ગર્ભવતી માતાના ઉદરમાં રહેલા બાળક પર સારા સંસ્કાર આવે તે ખૂબ જરૂરી છે. તેથી આવી ગર્ભવતી મહિલાઓએ તેમની તબિયત સારી હોય અને અનુકૂળતા હોય તો બાળ ગર્ભસંસ્કાર કેન્દ્રમાં જવું જોઈએ. જ્યાં ધાર્મિક પુસ્તકોનું વાંચન થાય છે. જીવનમૂલ્ય આધારિત સારા પ્રવચન યોજાય છે. તેની ગર્ભસ્થ બાળક પર ખૂબ જ પ્રભાવી અસર પડે છે.

અહીં બાળકના ચારિત્ર્ય ઘડતરની ઘણી બાબતો શીખવા મળે છે. બાળકને બીડી, સિગારેટ, તમાકુ કે દારૂના વ્યસનથી દૂર રહેવા જણાવશો તો તેની અસર કદાચ ઓછી પડશે પણ તમાકુ, ગુટખા, બીડી, સિગારેટ કે દારૂના વ્યસનથી થતી ગંભીર અસર દર્શાવતું પ્રદર્શન જોવા લઈ જઈશું અને તે પ્રત્યક્ષ નિહાળશે તો ચોક્કસ આવા વ્યસનથી દૂર જ રહેશે. કહેવત છે કે, ’ જેવો સંગ તેવો રંગ ’ તે રીતે જો તેના મિત્રો વ્યસની હશે તો બાળક મજબૂત મનોબળ ધરાવતું નહીં હોય તો તે વ્યસની બની જશે, માટે સમય ફાળવી તેના મિત્રોની તપાસ કરો. આવા વ્યસની મિત્રો હોય તો તેમનાથી દૂર રહેવા સમજાવો તે જરૂરી છે.

બાળકને તેની કારકિર્દી બનાવવા તેના રસ, રૂચિ આધારિત તેની પસંદગીના અભ્યાસ કરવા તક આપવી જોઈએ. પોતે ડોક્ટર, એન્જિનિયર કે વકીલ હોય તો પોતાનો વ્યવસાય બાળક અપનાવે એવો હઠાગ્રહ કે દુરાગ્રહ ન રાખવો. તેના રસ, રૂચિ પ્રમાણેના ક્ષેત્રમાં મોકલી તેને વિકસવાની તક આપવી. બાળકના ભણવાના દિવસો, રમવાના દિવસો હોય છે. બાળકને ધમકાવવાથી,ડરાવવાથી કે મારવાથી એ સુધરી જવાનું નથી. ઉપરથી તે નફફટ થઈ જાય છે. તેમનામાં ચીડિયાપણું આવેછે.

બીક બતાવવાથી બાળક નીડર બનવાનો નથી અને પછી આપણે આપણા બાળકો શિવાજી અને રાણા પ્રતાપ બને તેવી આશા રાખી શકીએ ખરા ? એ માટે તો તેનો તેને શૂરવીરતા અને વીરતાના પાઠો અથવા વાર્તા કહેવી જોઈએ.

હિંમત આપવી જોઈએ. બાળકને સ્વતંત્રતા આપજો પણ તેં સ્વચ્છંદી ન બને તેનું પણ ધ્યાન રાખજો. તેને તેના મિત્રો કે અન્યની હાજરીમાં કોઈ દિવસ ઉતારી ન પાડશો. બાળક અવલોકનથી શીખેછે. પરિવારમાં રહી અન્ય સભ્યો જે રીતે વર્તે છે તેનું તેં અવલોકન કરેછે, અનુકરણ કરેછે. તેમાંથી ઘણું બધું શીખે છે. ઘરમાં એકબીજાને માન મળતું હશે તો એકબીજાને માન આપશે. કોઈ દિવસ અન્યનો ગુસ્સો બાળક પર ન કાઢવો. આમ બાળકના જીવન ઘડતરમાં, ચારિત્ર્ય ઘડતરમાં માતા-પિતાનો અને પરિવારનો અગત્યનો રોલ હોય છે, મહત્વનું યોગદાન હોય છે. બાળકને સમજી યોગ્ય દિશાસૂચન, માર્ગદર્શન આપવામાં આવે તો જરૂર પ્રગતિના શિખરો સર કરશે તેમાં બે મત નથી.


90% SOLD
GUJARAT NEWSLINE
IN ASSOCIATION WITH
REALBIZ Realty Inc.
BUILDERS PLATINUM BROKER 2016-2025
MAINESH PATEL
REAL ESTATE BROKER
416-735-7808
realtormainesh@gmail.com
realbizrealty.com
realbizrealty.com/maineshpatel
LALIT SONI
ORGANIZER
Dharmendra Oza
Mortgage Broker | Lic#M13002286
DOza@OzaMortgage.com
www.OzaMortgage.com | www.ams.house
AFFINITY MORTGAGE
Scan Me
647.453.5626 (LOAN)
Right Advise & Right Financing For Residential & Commercial Mortgages
90% SOLD
PRESENTS
Sai Bhajan Sandhya
An evening of Shree SAI BABA'S
Hindi Bhajans Live Orchestra
with Dinner Included
Hosted by : SRIJEET
NILESH PATEL | NEHA HIREN
TICKETS
REGULAR : $ 25
VIP : $ 35
GROUP OF 10 PEOPLE :
$ 200 ONLY
PRICE INCLUDED WITH DINNER
DATE
Sunday, November 16, 2025
DINNER
5:00 PM to 6:00 PM
SHOW
6:00 PM to 9:00 PM
VENUE : Bhavani Shanker Cultural Hall, 90 Nexus Ave, Brampton, L6P 3R6
MEDIA SUPPORT
ગુજરાત ન્યૂઝલાઇન
IMMIGRANT NEWSLINE
Best South Asian-Canadian Newspaper
www.immigrantnewsline.com
Dhwani
Community Newspaper
हिन्दी Abroad
ગુજરાતનો રણકાર
ગરવી ગુજરાત
RADIO Muskaan
FOR SPONSORSHIPS & TICKETS CALL :
LALIT SONI
647 400 6248
ANJALI
905 239 6506
TICKETS ALSO AVAILABLE ON
Sulekha
eventbrite
allevents